# સોરઠ વિશાશ્રીમાળી

**SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73**

**Vol. No. : 53 ❖ Issue : 03 ❖ Pages : 40 ❖ Mumbai ❖ March 2025 ❖ Price : Rs.8/-**



# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

Regd. Office : 301, Bay View (East), 3rd Floor,
47, Dr. M. B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
**Mob.: 7208481791 / 7208472744 / 7208472884**



















**નોંધ :**

(૧) ઉપરોક્ત સેનેટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com પર કરવું.

(૨) ફક્ત માથેરાન સેનેટોરિયમમાં રૂા. ૬૦૦/- એક દિવસના સવારના નાસ્તો, બપોરની ચા તથા સવાર-સાંજના જમવાના ફરજિયાત આપવાના રહેશે.

(૩) સંસ્થાના નિતીનિયમ મુજબ બુકિંગ મળશે.

(૪) I-Card રાખવું જરૂરી છે.

(૫) આખું સેનેટોરિયમ બુક કરાવશો તો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

## સંપર્ક સુત્ર

બીનાબેન સંઘવી
મો. ૯૭૬૯૪ ૪૮૨૮૪

પિતુલભાઈ શાહ (ગેડીવાળા)
મો. ૯૩૨૩૧૮૦૬૬૫

નીરવભાઈ દોશી
મો. ૯૮૨૦૮૨૩૪૦૦

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**

૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,

૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.

ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨

**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)

**E-Mail:**svjainsamajmumbai2@gmail.com

data@svjainsamaj.com www.svjainsamaj.com

**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**

**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા.......................... પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ................ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા.......................... ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા.................. માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી............. માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા...................... ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર............... મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા........................... સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી......................... સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી............................ સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા.........................સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા........................... સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.......................... સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા............................ સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા............................ સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા......................... કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા........................ કો-ઓપ્ટ

**Bank Details**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**

**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.

**S.B. A/C No.** 03870100000044

**IFSC :** BARB0BULLIO **(fifth digit will be numerical zero),**

**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**

**Banker :** Union Bank of India

Princess Street, Mumbai - 400002

**S.B.A/C.No.** 319102010054364

**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.

**Auditor :** Viren Vasa & Associates

Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**

૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,

મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

# શબ્દોનું મહત્વ

આપણાથી જાણતા-અજાણતા કોઇનું ખરાબ થઇ જાય છે. અને પછી આપણે તે વાતને ભૂલી પણ જઇએ છીએ. પણ જેની સાથે ખરાબ કર્યું છે તે માણસ ક્યારેય પણ ભૂલતો નથી કે આપણે તેની સાથે ખરાબ કર્યું હતું. તે જીવનભર માટે તે વાતને દિલમાં છુપાવીને રાખે છે.

કોઇને પ્રેમ આપીશું તો સામેથી જ એટલો પ્રેમ મળે પણ જો દિલમાં કોઇના માટે નફરત હોય છે તો તે નફરત પણ આપણને મળે જ છે. માણસ માત્ર ભૂલને પાત્ર. આ કહેવત આપણને બધાને ખબર જ છે. પણ જયારે એકની એક ભૂલ વારંવાર કરીએ છીએ ત્યારે તે ભૂલ નથી હોતી, પરંતુ આપણે જાણી જોઇને પોતાનું કે બીજાનું ખરાબ કરીએ છીએ. આપણે સારું કરીશું કે ખોટું કરીશું દરેક વાતનો અહેસાસ આપણને હોય જ છે. ઘણીવાર આપણે એવું વિચારતા હોઇએ છીએ કે આપણાથી જે ખોટું થયું છે તે ફક્ત આપણે જ જાણીએ છીએ. પણ એવું નથી હોતું. સમય જતા જયારે તે જ વસ્તુ આપણી સાથે બને છે ત્યારે આપણને તરત જ યાદ આવી જાય છે કે આપણે બીજાની સાથે આવું કંઇ કર્યું હતું.

આપણો વર્તમાન ગમે તેટલો સારો હોય, પરંતુ ભૂતકાળમાં કરેલી ભૂલો માટે ભવિષ્યમાં હંમેશા તૈયાર રહેવું પડ છે.કોઇના માટે સારું કરીશું કે ખરાબ કરીશું તેનું પ્રતિબિંબ આપણા જીવન ઉપર પડવાનું જ છે. માટે આપણા સારા કર્મોથી આપણે આપણા વર્તમાનને સારો બનાવવાનો છે.

કોઇનો વિશ્વાસ તોડવો તે કોઇના દિલ તોડવા કરતાં પણ વધારે ખરાબ છે. વિશ્વાસ એક એવી વસ્તુ છે જેમાં જો કોઇના ઉપર આપણે આંખ બંધ કરીને વિશ્વાસ રાખીએ અને તે જ માણસ આપણો વિશ્વાસ તોડી નાખે તો તેનાથી ખરાબ બીજું કંઇ જ નથી.

આપણે હંમેશા માણસનાં ચહેરા ઉપરથી તે તેના જીવનમાં ખુશ છે કે દુઃખી છે તેનું તારણ કાઢીએ છીએ. પણ હંમેશા હસતો માણસ ખુશજ હોય એવું નથી હોતું. હંમેશા વધારે એજ માણસ દુઃખી હોય છે જે પોતાનો ચહેરો હંમેશા હસતો રાખે છે. દુનિયામાં બધા સુખી નથી હોતા. દરેકને કંઇકને કંઇક નાની મોટી તકલીફ રહેતી હોય છે. પણ આવા લોકો પોતાની હસીમાં પોતાના દુઃખો ને ભૂલી જાય છે. પોતાના દુઃખ ભૂવા માટે બીજાને હસાવે છે. પણ અંદરથી ખૂબ જ તૂટેલા હોય છે.

દુનિયામાં એવા માણસો પણ છે જે ખૂબ જ સુખી હોય છે. જેમને ક્યારેય તકલીફ શું હોય તેની પણે ખબર નથી હોતા. પોતાના જીવનમાં જેણે ફક્ત અને ફક્ત સુખ જ જોયું હોય છે. પણ પોતાના સુખને કોઇની નજર ના લાગે માટે હંમેશા એવું બતાવે છે કે તેને જીવનમાં ખૂબ જ દુઃખ છે. અને બધા પાસેથી તેઓ સાંત્વના લેતા હોય છે. આવી રીતે કરવું તેમને ગમતું હોય છે.

આપણે એવું કહીએ છીએ કે જેનાથી કોઇનું સારું થતું હોય ત્યારે ખોટું બોલી શકાય છે કે ખોટું કરી શકાય છે. ''હા'' આ વાત પણ એટલી સાચી છે. પણ જીવનમાં એક બે વાર એવું થાય તો વાંધો નથી. પરંતુ હંમેશા આપણાથી ખરાબ થઇ જાય અને પછી સામેવાળા ઉપર તેવો આરોપ મૂકી દઇએ તો તે વસ્તુ ખોટી છે. પહેલા કહ્યું તે જ પ્રમાણે આપણાથી સારું કે ખરાબ છે પણ થશે તેનુ પ્રતિબિંબ આપણી જિંદગીમાં આજે નહીં તો કાલે પણ પડવાનું જ છે. કંઇ ખોટું કરીને છૂટી નથી જવાતું.

## તંત્રી સ્થાને થી....



**શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર**
**મો. ૭૦૨૧૨૦૧૨૮૦**
**૯૩૨૩૧૪૧૫૯૫**

# એક નાગરીક તરીકે આપણી ફરજ

તાજેતરમાં જાપાનના પ્રવાસેથી પાછા ફરેલા અમારા એક મિત્ર, જાપાને કરેલી પ્રગતિથી ખૂબ જ પ્રભાવિત થઇ ગયા હતા. ત્યાંના લોકોના આતિથ્ય સત્કાર, પ્રજાની દરેક બાબતમાં શિસ્ત, સ્વચ્છતા, કામ પ્રત્યેની ચીવટ, પ્રામાણિકતા અને વરિષ્ઠ નાગરિકો પ્રત્યે આદરભાવ વિગેરે બાબતોની તેમના પર ઊંડી અસર પડેલી જણાતી હતી. ત્યાંની સરકાર દ્વારા નાગરિકોને આપવામાં આવતી સગવડો, સાર્વજનિક સ્થળોની જાળવણી વગેરે બાબતોમાં જાપાન દુનિયામાં શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે.

અમારા એ મિત્રએ જાપાનની સરખામણી આપણા દેશ સાથે કરતા બળાપો કાઢતા આપણી સરકારની આકરી ટીકા કરી. પ્રજા લક્ષી કાર્યોમાં આપણી સરકાર તદ્દન નિષ્ફળ ગઇ છે એવું જણાવ્યું. આપણા દેશ માં પ્રજાની મૂળભૂત જરૂરિયાતોની ઊણપ, રાજકીય નેતાઓની પ્રજાના કાર્યો પ્રત્યે તદ્દન બેદરકારી, દરેક ક્ષેત્રે ભ્રષ્ટાચાર વગેરે બાબતોની બીજા દેશો સાથે સરખામણી કરી આપણે કેટલા પછાત છીએ તે જણાવ્યું.

એક રીતે જોઇએ તો તેમની વાત તદ્દન સાચી હતી. પશ્ચિમના ઘણા દેશોની સરખામણીમાં આપણે ઘણી બધી બાબતોમાં પાછળ છીએ. અને તેનો તમામ દોષ આપણે આપણી સરકાર પર નાખીએ છીએ. શું દરેક બાબતમાં સરકાર ને જ દોષ દઇ શકાય ખરો ? તો જવાબ છે - ના. આપણે પોતે કેટલા જવાબદાર છીએ તે વિશે ક્યારેય વિચાર ન કરતા, દોષનો ટોપલો બીજા પર નાખવાની આદત પડી ગઇ છે. ગંદકી, બિસ્માર રોડ, ફેરિયાઓ થી ઉભરાતી ફૂટપાથો, જ્યાં ને ત્યાં ગેરકાયદેસર બાંધકામ વગેરે માટે આપણે સ્થાનિક શાસકો ને જવાબદાર ગણતા હોઇએ છીએ.

આપણે આપણી સામાજિક જવાબદારીઓ પ્રત્યે તદ્દન બેદરકાર છીએ. આપણે પોતે જવાબદાર નાગરિક તરીકે જો વર્તન કરીએ તો ઘણી બધી સમસ્યાઓનો ઉકેલ આવી જાય. પરંતુ જાણે અજાણ્યે નિયમોની અવગણના કરવી કે નિયમો તોડવા એ સ્વાભાવીક બની ગયું છે. હેલ્મેટ વગર ટુ વ્હીલર પર ફરવું, સિગ્નલ તોડવા વી. બાબતો આપણને સ્વાભાવિક લાગે છે. સોસાયટીના ફ્લેટોમાં ગેરકાયદેસર બાંધકામ કરવામાં આપણે આપણી જાતને સ્માર્ટ ગણીએ છીએ. એજ સોસાયટીની એ.જી.એમ. માં આપણે મેનેજિંગ કમિટીને નિયમ પ્રમાણે કાર્ય કરવાની સલાહ આપતા હોઇએ છીએ.

આપણામાંથી ભાગ્યે જ કોઇ એવી વ્યક્તિ હશે જેમણે પ્રામાણિકપણે દરેક પ્રકારના વેરા (ટેક્ષ) ભર્યા હોય. વેચાણ વેરો, વ્યવસાયિક વેરો, મિલકત વેરો વગેરેમાં આપણે વ્યવસાયિક તજજ્ઞોની પાસેથી ઓછામાં ઓછો કર ભરવા માટે સલાહ લઇએ છીએ. કાયદાનું ખોટું અર્થઘટન કરીને વેરાઓ ભરવા માંથી છટકવાનું કાર્ય કરીએ છીએ. હાઇવે પર ખોટી રીતે વાહનો ચલાવીએ છીએ અને અકસ્માતો નોતરીએ છીએ.

બીજા દેશની સરખામણી કરીએ છીએ ત્યારે ત્યાંની પ્રજાની શિસ્ત, પોતાના દેશના નાગરિકો પ્રત્યેનું સન્માન, કાયદાનું સંપૂર્ણપણે પાલન, ટ્રાફિક ના નિયમો પ્રમાણે જ વાહન ચલાવવા વગેરે બાબતોને આપણે ભૂલી જઇએ છીએ. આપણે ત્યાં અસંખ્ય રોડ એક્સીડન્ટ, મોટા પ્રમાણમાં ગેરકાયદેસર બાંધકામ, અસંખ્ય નાણાકીય ગોટાળા વિગેરે બાબતો સામાન્ય થઇ ગઇ છે અને આપણા સમાજને તે કોઠે પડી ગયું છે. આપણે વાતો ઉત્તમ જીવનશૈલી, પ્રામાણિકતા અને ખોટા કાર્યોને પાપ ગણવાનું કરીએ છીએ પરંતુ વ્યવહારમાં આપણે બેવડું ધોરણ અપનાવીએ છીએ.

આ પરિસ્થિતિના અનેક કારણોમાં સમાજને સાચી સમજ આપનારની ખોટ જણાય છે. સમાજની નીતિની સતત ચિંતા હોય અને પોતાની સાત્વિકતા થી સમાજ પર પકડ હોય તેવા નેતૃત્વની ખોટ જણાય છે.

સૌથી મહત્વની વાત એ કે આપણે સૌ સ્વેચ્છાએ દરેક ક્ષેત્રે નિતિ નિયમ પ્રમાણે વર્તવાનું નક્કી કરીએ તો 'રામ રાજ્ય' દૂર નહીં રહે.

જીવન-ધર્મ શ્રેણી

# જીવનની બાર ધારાઓ

## ૧૦

## 'લોકભાવના'

- મહેન્દ્ર પુનાતર

## લોકભાવના એટલે આત્મસ્વરૂપનું ચિંતન

**આ વિરાટ વિશ્વમાં એક એકથી ચડિયાતી વસ્તુઓ છે. કુદરતના રહસ્યોનો તાગ મેળવવાનું માણસનું ગજુ નથી. એક રહસ્ય ખૂલશે તો બીજાં નવા રહસ્યો ઊભા થશે. આકાશ, પૃથ્વી, વાયુ, કાળ અને સમય બધાં તત્ત્વો શું છે, તેનો જીવન પર શો પ્રભાવ છે અને આ બધામાં મનુષ્યનું સ્થાન શું છે તેનું સાચું જ્ઞાન એટલે લોકભાવના**

બાર ભાવનાઓ એ ચિંતનની સરવાણી છે. વિચાર, ચિંતન અને મનનના અનેક નવા દ્વારો તેનાથી ખૂલે છે અને જ્ઞાન પ્રગટે છે. સાચી સમજ વગર દૃષ્ટિ મળતી નથી. અને જ્ઞાનના ચક્ષુઓ ખૂલતા નથી. જીવનમાં આપણી પાસે બધું હોય પરંતુ સાચી સમજ ન હોય તો બધું નકામું છે. સાચી અને સારી વસ્તુઓનો જીવનના શ્રેય માટે ઉપયોગ થવો જોઇએ. ધન આપણી પાસે હોય, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ ન થાય તો તે હોવાનો અર્થ સરતો નથી.

ધનની ત્રણ ગતિ છે. કાં તો તેનો સદ્‌ઉપયોગ થાય, કાં તો દુરુઉપયોગ અને નહીંતર વિનાશ. એમ જ્ઞાનની પણ ત્રણ ગતિ છે. માણસને જ્ઞાન આવે ત્યારે કાં તો સાચી સમજ કેળવાય છે. કાં તો તેનો અહંકાર પ્રબળ બને છે અને કાં તો મિથ્યાભિમાનમાં રાચતો થઇ જાય છે. ધન અને જ્ઞાન બંને શક્તિ છે, પણ આ શક્તિનો કંઇ રીતે સંયમપૂર્વક ઉપયોગ કરવો તે આપણે જાણવું જોઇએ.

બાર ભાવનાઓનું ચિંતન આપણી પાસે રહેલી શક્તિઓનો સદ્‌ઉપયોગ કરવાની પ્રેરણા આપે છે.

અનિત્ય ભાવનામાં આપણે જોયું કે જગતની પ્રત્યેક વસ્તુ નાશવંત છે. અશરણ ભાવનામાં જાણ્યું કે અહીં કોઇનું શરણ કામ આવતું નથી. ગમે તેવો ચરમબંધી હોય પણ જે કાઇ બનવાનું છે તેને રોકી શકતો નથી કે બચી શકતો નથી. સંસાર ભાવનામાં ખ્યાલ કર્યો કે સંસાર રાગ-દ્વેષનો સંગ્રામ છે. આ તારું અને આ મારુંનો ખટરાગ છે. કહેવાતું સુખ મેળવવા માટેની આ આપાધાપી છે, પણ ખરા અર્થમાં કોઇ સુખ પામી શકતું નથી. બધાને સુખ મેળવવું છે પણ આપવું નથી. એકત્વ ભાવનામાં ખ્યાલ કર્યો કે આપણે એકલા આવ્યા છીએ અને એકલા જવાના છીએ. કશું સાથે આવવાનું નથી. ધન-દોલત બધું અહીં પડી રહેવાનું છે. અન્યત્વ ભાવનામાં આપણે જોયું કે અહીં કોઇ આપણું નથી. આપણે જેને આપણા માનીએ છીએ તે પણ આપણા નથી. આ સત્ય સમજવું આમ છતાં બધા આપણા છે તેવો વ્યવહાર અને ભાવના રાખવી. અશુચિ ભાવનામાં ખ્યાલ કર્યો કે દરેક વસ્તુ વહેલી કે મોડી જીર્ણ અને અશુદ્ધ થવાની છે. જે બને છે તે સમય જતા બગડે પણ છે. રૂપ સૌંદર્ય પણ કાયમ રહેવાનું નથી. આજે જે સારું લાગે છે, જોવું ગમે છે તે કાલે ગમશે નહીં. ઉગે છે તે આથમે છે, અહીં કોઇ વસ્તુ માટે અભિમાન રાખવાનું નથી. આસ્રવ ભાવનામાં જાણવા મળ્યું કે મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિથી કર્મોના બંધનોમાં જકડાવું પડે છે. દરેક માણસ કર્મને આધિન છે. સારા અને ખરાબ બંને કર્મો માણસને ભોગવવા પડે છે. બધું અલગ અલગ ભોગવવાનું રહે છે. આમાં ખાતું સરભર થઇ શકતું નથી. સંવર ભાવનામાં જોયુ કે ઇન્દ્રિયોને વશ કર્યા વગર કર્મોને રોકી શકાતી નથી. નિર્જરા ભાવનામાં એ જાણ્યું કે કર્મો આત્માની સાથે લાગેલા છે તેને ખપાવવા અને દૂર કરવા શરીરથી ઉપર ઊઠવાનું છે. અને તપશ્ચર્યા આ માટેનો માર્ગ છે. હવે આપણે લોકભાવના વિશે જાણવાનો પ્રયાસ કરીશું.

લોકભાવના એટલે આ લોકનું ચિંતન કરવું, તેના સ્વરૂપને સમજવું. આ સકળ વિશ્વ અને બ્રહ્માંડનું રહસ્ય શું છે? તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે? એ કયા તત્ત્વોનું બનેલું છે અને તેને ચલાવનારા દ્રવ્યો કયા છે? વગેરેનું ચિંતન જો માણસ કરે તો તેને આત્મસ્વરૂપનું દર્શન કરવામાં સરળતા રહે. આકાશ, પૃથ્વી, વાયુ, કાળ, સમય. આ બધા તત્ત્વો શું છે? તેનો આપણી સાથેનો શો સંબંધ છે.

જીવન પર તેનો શો પ્રભાવ છે? સકળ બ્રહ્માંડ જેમાં આવા અનેક વિશ્વો રહેલા છે. આકાશમાં ટમટમતા તારાઓ, ગ્રહો, ઉલ્કાઓ, સૂર્યમાળાઓ અને પૃથ્વીના પેટાળમાં રહેલાં તત્ત્વો, કુદરતની રહસ્યમય ઘટનાઓ પ્રાણીસૃષ્ટિ, વનસ્પતિ, નદી નાળાઓ, પર્વતો, આ બધા વિરાટ તત્ત્વો શું છે? અને તેમાં આપણું સ્થાન શું છે? તેનું ચિંતન એટલે લોકભાવના.

આ વિરાટ વિશ્વમાં એક એકથી ચડિયાતી વસ્તુઓ છે. એમાં આપણી શી હેસિયત છે અને આપણું શું સામર્થ્ય છે તે જો આપને સમજાય જાય તો આપણો તમામ અહંકાર ઓગળી જાય. મારા જેવું કોઇ નહીં. હું કાંઇક છું એવુ અભિમાન રહે નહીં. આપણે સાંકડી, સંકૂચિત દુનિયામાં રહીએ છીએ. કુવામાંના દેડકાં જેવી આપણી પરિસ્થિતિ છે. આપણી સીમા મર્યાદિત છે અને અહંકાર પ્રબળ છે. આ ભાવનાના ચિંતનથી જગત અંગેની સમજ કેળવાય છે. આ ભાવનામાં રહેલું વિરાટનું દર્શન આપણા અહંકારને રોકવા માટેનું છે.

જૈન ધર્મ અંગ વિદ્વાન લેખક અને ચિંતક રમણલાલ સી. શાહે જુગા જુદા પુસ્તકો માં વિસ્તૃત ખ્યાલ આપ્યો છે તે સંક્ષિપ્તમાં જોઇએ તો લોકભાવના અંગે વધુ પ્રકાશ પડશે. જૈન ધર્મ માને છે કે જીવ અને અજીવ એ બે દ્રવ્યોનો બનેલો સંસાર અનાદિ અને અનંત છે. આત્મા અવિનાશી છે. આત્મા સંસારના બંધનોમાંથી સર્વથા મુકત થઇ શુદ્ધ સ્વરૂપ પામી શકે છે. મુક્તિ પામ્યા પછી આત્માને ફરી સંસારનાં પરિભ્રમણમાં પાછા આવવાનું રહેતું નથી. જૈન ધર્મ પૂર્વ જન્મ અને પુનર્જન્મમાં માને છે. જન્મ જન્માંતરની ગતિ આત્માને પોતાના કર્મના ફળ અનુસાર પ્રાપ્ત થાય છે. આત્મા કર્મોનો કર્તા અને ભોકતા છે. આત્મા રાગ દ્વેષને જીતી મુક્તિનો અધિકારી બની શકે છે.

જૈન ધર્મના અમુક ગ્રંથોમાં સમગ્ર સૃષ્ટિનું, લોક-અલોકનું ખૂબ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. જૈન ધર્મની માન્યતા પ્રમાણે કેડે હાથ દઇ ઊભેલા પુરુષની આકૃતિ જેવી ચૌદ રાજલોકની સૃષ્ટિ બનેલી છે જે દશે દિશામાં અબજો માઇલથી પણ વધુ બલકે અસંખ્યાત યોજનોની બનેલી છે. તેમાં નીચેના ભાગમાં નરક અને ઉપરના ભાગમાં દેવલોક છે તથા નાભીના સ્થાને મનુષ્યક્ષેત્ર છે. આ મનુષ્ય ક્ષેત્ર અઢી દ્વીપમાં આવલું છે. એ અઢી દ્વીપમાં એક જંબુદ્વીપ છે જે એક લાખ યોજનનો છે. આ જંબુદ્વીપમાં આપણી પૃથ્વી આવેલી છે. ચૌદ રાજલોકના સૌથી ઉપરના ભાગમાં આવેલા પ્રદેશને લોકન્ત અથવા સિદ્ધક્ષેત્ર કહેવામાં આવે છે. જયાં સિદ્ધાત્માઓ, મુક્તાત્માઓ બિરાજે છે. ચૌદ રાજલોકની બહારનો પ્રદેશ અલોક કહેવાય છે જે અનંત છે. અને અવકાશ સિવાય બીજું કશું ત્યાં નથી. જૈન ધર્મ માને છે કે આ પૃથ્વીની બહાર પણ માનવસૃષ્ટી છે.

જૈન ધર્મમાં 'સમય' શબ્દ પારિભાષિક છે. સમય એટલે કાળનો સૂક્ષ્મતમ એકમ સમયના માટે જૈન ધર્મમાં કાળચક્રની કલ્પના કરવામાં આવી છે. સમય એટલે કાળચક્રની ગતિ. કાળચક્રના બે વિભાગ છે. એક અવસર્પિણી અને બીજો ઉત્સર્પિણી. તે દરેકમાં છ છ આરા છે. અવસર્પિણીમાં ઉત્તરોત્તર સુખમાંથી દુઃખનો ખરાબ સમય આવતો જાય છે અને ઉત્સર્પિણીમાં ઉત્તરોત્તર દુઃખમાંથી સુખનો ચડિયાતો સમય આવતો જાય છે. એક કાળચક્રનો સમય વીસ ક્રોડા ક્રોડ સાગરોપમ જેટલો ભાગ હોય છે. સાગરોપમ શબ્દ પારિભાષિક છે. હાલ અવસર્પિણીનો પાંચમો આરો ચાલી રહ્યો છે. પ્રત્યેક અવસર્પિણીમાં અને પ્રત્યેક ઉત્સર્પિણીમાં ચોવીસ તીર્થંકરો થાય છે.

આ ભાવનાના ચિંતનથી આપણને સમજાય છે કે સમય અને કાળનું ચક્ર ફરી રહ્યું છે. ગઇકાલે હતું તે આજે નથી અને આજે છે તે આવતીકાલે હશે નહીં. બધું સમયની સાથે બદલાઇ જાય છે. દરેક વસ્તુ ક્ષીણ થતી રહે છે. સર્જન અને વિનાશનું ચક્ર ચાલી રહ્યું છે. જિંદગી ધીમે ધીમે સમાપ્ત થતી રહે છે. અહીં કશું આપણા હાથમાં નથી. આપણે સમયને બદલી શકતા નથી. સમય કોઇના કહેવાથી રોકાતો નથી. દરેકને સમયની સાથે ચાલવુ પડે છે. સમયની સાથે જેઓ ચાલે છે તે ટકી રહે છે અને સમયની સામે ઊભો રહીને હવાતિયા મારતો માણસ ઉથલી પડે છે. નદીના પ્રવાહમાં ઘસડાતું તણખલું એમ માને કે નદી મારે કારણે વહી રહી છે તો એ અભિમાન અને અહંકાર સિવાય બીજું કશું નથી. અહીં ગર્વ કરવા જેવું કશું નથી. આ લોકને છોડીને જવાનું છે અને સાથે કશું આવવાનું નથી એ પરમ સત્ય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પુદગળ, કાળ અને આત્મા આ છ દ્રવ્યો છે. ચૌદ રાજલોક, જન્મ-મરણના ફેરા અને સંસારનું સ્વરૂપ અને એમાં આપણે કયાં ફસાયા છીએ અને એમાંથી આપણે શું સુખ મેળવ્યું. આ બધાનું ગહન ચિંતન સંસારની અસારતાનો ખ્યાલ આપે છે.


આ સંસારમાં સુખ-દુઃખ, આશા-નિરાશા, હર્શ-શોક, શુભ-અશુભ બધું સાથે રહેલું છે. એકલું સુખ સહી શકાય નહીં. સુખ સાથે દુઃખ જોડાયેલુ છે આશા સાથે નિરાશા છે, હર્ષ સાથે શોક છે. કશું કાયમી નથી બધું વારાફરતી આવતું રહે છે. આ વિરાટ વિશ્વમાં આપણે અંશ માત્ર છીએ. તેમાં બનતી ઘટનાઓ આપણને નિરંતર એક યા બીજા સ્વરૂપે સ્પર્શતી રહે છે. જીવન આ બધા પર આધારિત છે.

માણસ પાસે અખૂટ શક્તિ છે. આ શક્તિ જુદા જુદા માર્ગે વેડફાઇ જાય છે. આ શક્તિઓ જો સંગ્રહિત થાય અને સહી માર્ગે વળે તો તેનાથી લોકકલ્યાણ અને આત્મ કલ્યાણ બંને થઇ શકે.

લોકભાવનાનું ચિંતન અહંકાર ને ઓગાળવા માટેનું છે પણ સાથે સાથે સમજવાનું છે કે મનુષ્ય નિર્બળ નથી. એ ધારે તે કરી શકે છે. માણસને જગતનું સાચું જ્ઞાન અને સાચી સમજણ ઊભી થાય તો આ અનંત શક્તિ દ્વારા માણસ પરમાત્મા પણ બની શકે છે.

(હવે પછી બોધિદુર્લભ ભાવના)

## ભાવભીની શ્રધ્ધાંજલી



# સ્વ. શ્રી સૂર્યકાન્ત મનસુખલાલ લાલચંદ વોરા

જન્મ : તા.૧૩-૮-૧૯૪૩ ❖ સ્વર્ગવાસ : તા.૫-૩-૨૦૧૭ (ધોરાજી, હાલ-બોરીવલી)

*શૂન્યમાંથી સર્જન કરી,*
*સેવા સર્મપણ, નીડરતાની સાક્ષાત મૂર્તિ,*
*અમૃત ભરેલા અંતરવાળા, સાગર જેવા વિશાળ દિલવાળા,*
*કુટુંબ, સગાં તથા સ્નેહીને સદાય ઉપયોગી રહી,*
*વિશાળ વડલાની જેમ પોતાની છાયામાં*
*આવતા સર્વેને વિસામો આપતા*
*કર્મયોગી વડીલ...*

**પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને**
**શાંતિ પ્રદાન કરે એવી હૃદયપૂર્વક પ્રાર્થના....**

શ્રદ્ધાંજલિ સહ...

**પિતાશ્રી** : સ્વ. શ્રી મનસુખલાલ લાલચંદ વોરા - **માતા** : સ્વ. શ્રીમતી જયાકુંવર મનસુખલાલ વોરા

**પત્ની** : પ્રવીણાબેન - **પુત્ર** : ચિંતન - **પુત્રી** : ચૈતાલી

**ભાઈ** : હસમુખ - **ભાભી** : સ્વ. મધુબાલાબેન - **ભત્રીજા** : જય, મિતેશ - **ભત્રીજાવહુ** : રીના, ફોરમ

**બહેનો** : સ્વ. અનસુયાબેન, સ્વ. ભાનુબેન, કુસુમબેન, પ્રતિભાબેન, જ્યોત્સનાબેન, હીતાબેન

**સસરા** : સ્વ. શ્રી નગીનદાસ નેણશી મહેતા - **સાસુ** : સ્વ. શ્રીમતી કંચનબેન નગીનદાસ મહેતા

તેમજ

**સમસ્ત વોરા પરિવાર તથા મહેતા પરિવારનાં જય જિનેન્દ્ર**

# શ્રદ્ધાંજલી

જન્મ

તા. ૨-૬-૧૯૩૫





અરિહંત શરણ

તા. ૩૧-૧૨-૨૦૨૩



## સ્વ. માતુશ્રી વિજયાબેન વૃજલાલ વોરા

મૂળ વતન : ધોરાજી

"સુખ-દુઃખમાં હસતા રહ્યા તમે, સૌના હૃદયમાં વસતા રહ્યા તમે
જીવન એવું જીવ્યા ભુલ્યું નહીં ભુલાય, સુવાસ એવી પાથરી કદીએ નહીં વિસરાય,
તમે સચ્ચાઇ, પ્રેમ, મહેનત, સંસ્કારિત જીવન જીવવાનું
અમને માર્ગદર્શન આપી ચાલ્યા ગયા જે કદીએ નહીં વિસરાય"

લિ.

સ્વ. કિરીટભાઈ, ગીતાબેન, કેવીન, ખ્યાતિ, યુગ, વિહાન,

શ્રી શૈલેષભાઈ, રૂપલબેન, કેવલ, કાજલ, હ્રિદાંશ

શ્રી કૈલેશભાઈ, નીતાબેન, હેનલ, પ્રિયા, જમાઈ-પાર્થકુમાર

શ્રી રાજેશભાઈ, બીનાબેન, આગમ, પૂજા

સ્વ. જ્યોતિબેન રાજેન્દ્રકુમાર મહેતા

**શ્રી જગજીવનદાસ સીરાજ વોરા પરિવાર**

**VORA SHAILESH VRAJLAL**

D - 401 / 402, Pancham Apt., Bldg.,No.1, Hemu Kalani Road No.2,
Irani Wadi, Kandivali (W), Mumbai - 400067. Mobile : 9821045422

Contract |II|

## શ્રદ્ધાંજલી



જન્મ :
તા. ૨૮-૧-૧૯૩૧

અરિહંત શરણ
તા. ૮-૩-૨૦૦૫

# સ્વ. શ્રી વૃજલાલ જગજીવનદાસ વોરા

**મૂળવતન : ધોરાજી**

**તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા**
**સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા**
**સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં**
**જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.**
**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે**
**વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.**
**આપનો હસતો તેજસ્વી ચહેરો, પરોપકારી સ્વભાવ,**
**ધર્મ અને જીવન પ્રત્યેની ઉદાર ભાવના.**
**સમાજ અને કુટુંબ પ્રત્યેની શુભ ભાવના સદાયે યાદ રહેશે.**

લિ.
સ્વ. વિજયાબેન વૃજલાલ વોરા
સ્વ. કિરીટભાઈ, ગીતાબેન, કેવીન, ખ્યાતિ, યુગ, વિહાન,
શ્રી શૈલેષભાઈ, રૂપલબેન, કેવલ, કાજલ, હ્રિદાંશ
શ્રી કૈલેશભાઈ, નીતાબેન, હેનલ, પ્રિયા, જમાઈ-પાર્થકુમાર
શ્રી રાજેશભાઈ, બીનાબેન, આગમ, પૂજા
સ્વ. જ્યોતિબેન રાજેન્દ્રકુમાર મહેતા

**શ્રી જગજીવનદાસ સીરાજ વોરા પરિવાર**

**VORA SHAILESH VRAJLAL**
D - 401 / 402, Pancham Apt., Bldg.,No.1, Hemu Kalani Road No.2,
Irani Wadi, Kandivali (W), Mumbai - 400067. Mobile : 9821045422

Kayami

**૧૬ મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલી**







# સ્વ. ધીરજલાલ ચંદુલાલ માઝની

સ્વર્ગવાસ : તા. ૨૧-૩-૨૦૦૯, ફાગણ વદ ૧૦

**"તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા**
**સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા."**

**આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા**
**પરમ શાંતિ આપે તેમ જ આપના આશીર્વાદ હંમેશા**

**અમારી સાથે રહે એવી અમારી**
**અંત:કરણપૂર્વકની પ્રાર્થના...!!!**

**લિ.**

| | | |
|---|---|---|
| ધર્મ પત્ની | : | લીલમબેન |
| પુત્ર | : | હરેશ, નરેશ |
| પુત્રવધુ | : | હીના, વૈશાખી |
| પુત્ર-જમાઈ | : | કલ્પના અમિતકુમાર મોદી |
| પૌત્ર | : | હેમીત, જૈનીલ |

**તથા**

**સમસ્ત માઝની પરિવાર**

Kayami

# ક્રાંતિનો સિંહનાદ

**- લેખન : પારૂલબેન ભરતકુમાર ગાંધી (રાજકોટ)**

પ્રભુ મહાવીર જેમણે કેવળજ્ઞાનથી વિશ્વને યથાતથ્ય જોયું, જાણ્યું અને જગતનાં જીવોને જણાવ્યું. પ્રભુએ ૧૨।। વર્ષ સુધી મૌન રહી, કઠિન પુરૂષાર્થ આદર્યો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ જ્ઞાનને તેમણે દેશના દ્વારા વહાવ્યું. પ્રભુની દેશના પણ કેવી ! ભવ્ય જીવોના ભાવોને નિર્મળ કરનારી આત્માની મલિનતાનો નાશ કરનારી, આત્માને પરમાત્મા બનાવનારી. આ દેશનાના પ્રભાવે મુનિઓ આત્મજ્ઞાનમાં ડૂબકી લગાવી શુધ્ધ બન્યા, ચોરો ચોરી છોડી સંત બન્યા, પાપીઓ પાવન બન્યા. પ્રભુની દેશનાનો-વાણીનો સાર એ છે કે અસારની યાત્રાને સ્થગિત કરી જ્ઞાન-દર્શન-ચારિત્રની સારરૂપ યાત્રાનો આરંભ કરવો. આ વાણીના માધ્યમે જ રાગી-વૈરાગી બને છે, મોહી-નિર્મોહી બને છે; રોગી-નિરોગી બને છે, ભેણીઓ સંયમી બને છે, સંસારી અને શ્રીમંત પણ સંસાર છોડી શ્રમણ બનવા તત્પર બને છે.



ભગવાન મહાવીરે એવા ધર્મની પ્રરૂપણા કરી કે જીવ પોતાના આત્મા પર લાગેલા કર્મોને બાળીને આત્માને શુધ્ધ-બુધ્ધ-મુક્ત બનાવી શકે. આ વિશ્વમાં બે શક્તિ રહેલી છે. આગ અને પાણી. બંને પરસ્પર વિરોધી સ્વભાવની છે. બંનેની લડાઇમાં વિજય તો છેવટે પાણીનો જ થાય છે. આગ બાળે છે તો પાણી ઠારે છે. એક ઉત્તર છે તો બીજુ દક્ષિણ છે. થતાં આગની શક્તિ પાણી પાસે હારી જાય છે.એવીજ રીતે ભગવાને પણ બે તત્ત્વ બતાવ્યા. બંને પોતપોતાના ક્ષેત્રમાં બળવંત છે, એક છે કર્મ અને બીજું છે ધર્મ. કર્મ એ આગની શક્તિ સમાન છે અને ધર્મ એ પાણીની શક્તિ સમાન છે. એક જીવને દુર્ગતિમાં ધકેલે છે તો બીજો દુર્ગતિને રોકી-સદ્‌ગતિ આપે છે. એક જીવનમાં વંટોળિયાનું તોફાન સર્જે છે તો બીજું અશાતાની આંધીને ટાળી શાતાનો બગીચો સર્જે છે. એકને બાળવામાં રસ છે તો બીજાને ઠારવામાં રસ છે. એક અધોગતિની ખાઇમાં ધકેલે છે તો બીજો મોક્ષના ઉત્તુંગ શિખરે લઇ જાય છે. એક જીવનને ડૂબાડે છે તો બીજું તારે છે એક વિસર્જન દ્વારા બધું ખેદાન-મેદાન કરે છે તો બીજુન સર્જન દ્વારા શાંતિ આપે છે.

જે સમયમાં મહાવીરસ્વામીનો જન્મ થયો તે સમય અવનતિનો, આંધાધુંધીનો અનીતિનો હતો. ચારે તરફ દુ:ખ, વિનાશ અને વિકૃતિ ફેલાયેલી હતી. લોકો દુ:ખી, દિશાવિહીન, ક્રુર, પાપી અને અજ્ઞાનદશામાં જીવતાં હતાં. જેમની દશા એટલી ખરાબ હતી કે કરૂણાવંત વ્યક્તિ તે જોઇ ન શકે. ભગવાને જે જોયું, જાણ્યુ અને અનુભવ્યું તેમાંથી તેમનું પરોપકારી, પરગજુ, કરૂણાવંત હૃદય દ્રવી ઉઠયું તેમણે જગતનાં જીવોને દુ:ખથી બચાવવા અને અક્ષય સુખના સ્વામી બનાવવા ધર્મમાર્ગની પ્રરૂપણા કરી. ભગવાને એ યુગમાં ક્રાંતિનો સિંહનાદ કર્યો. બીજા શબ્દોમાં કહીએ તો એ યુગમાં જે અંધાધૂંધી, નિરક્ષરતા, અંધશ્રધ્ધા, નારીનું શોષણ, જાતિવાદ વગેરે મોટા પ્રમાણમાં હતાં. તેને કારણે અનેક સમસ્યાઓ ઊભી થઇ હતી. ભગવાને તે બધું યોગ્ય રીતે સમજીને તેની સામે બળવો પોકાર્યો. અસત્યના સ્થાને સત્યની પ્રરૂપણા કરી. તેમણે નીચેની બાબતોમાં પરિવર્તન આણ્યું અને સમાજને પ્રગતિની દિશા દેખાડી.

**૧) જાતિ-જ્ઞાતિવાદનો વિરોધ :** ભગવાનના સમયમાં મુખ્યત્વે ચાર જાતિ હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. આમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ અને શૂદ્રને તુચ્છ માનવામાં આવતા. કોઇ માનવી ગમે તેટલું સારું કર્મ કરે પણ તે શુદ્ર હોય તો તેને કોઇ ફાયદો નહિં. તેજ રીતે બ્રાહ્મણ ગમે તેટલું ખરાબ કાર્ય કરે તો પણ જન્મથી તેનું કુળ મહાન તેથી તે મહાન જ રહે. ભગવાને કર્મથી જાતિના સિધ્ધાંતનું પ્રતિપાદન કર્યુ. વિષમતાના મુખ્ય ઘટક જન્મજાત જાતિનો સિધ્ધાંતનો તેણે વિરોધ કર્યો અને સમતા ધર્મનું પ્રતિપાદન કર્યું. શુદ્ર જો સારું કામ કરે તો શ્રેષ્ઠ અને બ્રાહ્મણ ખરાબ કાર્ય કરે તો તુચ્છ. જે સારા કાર્યો કરે તે ગમે તે જાતિનો હોય તે શ્રેષ્ઠ અને ખરાબ કામ કરનાર કદાચ ગમે તે જાતિનો હોય પણ તે શુદ્ર. આવી પ્રરૂપણા કરી જન્મથી જાતિવાદનો વિરોધ કર્યો.

**૨) સાધુત્ત્વ-વેશ અને પરિવેશ :** ભગવાને વેષધારી સાધુઓ, સન્યાંસીઓ વગેરેનો વિરોધ કર્યો. માત્ર વેષ પહેરી લેવાથી કોઇ સાધુ થઇ જતાં નથી. સાધુ કોને કહેવાય તે માટે પ્રમાણો નક્કી કરી કહ્યું કે, ''માથું મુંડાવવાથી કોઇ શ્રમણ થતો નથી, ઓમ નો જાપ કરવાથી કોઇ બ્રાહ્મણ થતો નથી, અરણ્યવાસ કરવાથી કોઇ મુનિ થતો નથી, વલ્કલચીર પહેરવાથી કોઇ તાપસ થતો નથી. સાધુ-શ્રમણ થવાય છે - સમતાથી, બ્રાહ્મણ થવાય છે, બ્રહ્મચર્યથી, મુંનિ બનાય છે. જ્ઞાનથી અને તાપસ બને છે તપસ્યાથી.'' વળી કહ્યું કે, ''જ્ઞાન-દર્શન ચારિત્ર વડે સંપન્ન અને સંયમ તથા તપધર્મમાં

જે રત રહે છે તે જ સાચો સાધુ છે. સંયમરત ગ્રહસ્થ અને ભિક્ષુઓ બંને શ્રેષ્ઠ છે, જયારે અસંયમી સાધુ કે ગ્રહસ્થ શ્રેષ્ઠ નથી. ભગવાને સંયમને એટલી પ્રધાનતા આપી કે તેની સામે વેષ-પરિવેષનાં પ્રશ્નો ગૌણ થઇ ગયા. સાધુત્ત્વની પ્રતિમા બાહ્ય આકાર-પ્રકારથી હટીને અંતરના આલોકની વેદી પર પ્રતિષ્ઠિત થઇ.

**૩) ધર્મ અને સંપ્રદાય :** સંપ્રદાય જયારે આવરણ બનીને ધર્મ પર છવાઇ જાય છે ત્યારે ધર્મનો આત્મા દુભાય છે. ધર્મનો પ્રકાશ સંપ્રદાયની રાખ વડે ઢંકાઇ જાય છે. ભગવાને ધર્મને સંપ્રદાયની પ્રતિબધ્ધતામાંથી મુક્ત કરી તેના વ્યાપક રૂપને માન્યતા આપી. અહિંસારૂપી ધર્મને જ શાશ્વત ગણ્યો છે. મોક્ષને સંપ્રદાયની સીમાથી મુક્ત કરી ભગવાન મહાવીરે ધર્મની અસાંપ્રદાયિક સત્તાના સિધ્ધાંત પર બેસાડી બેવડી મહોર મારી દીધી. ''જીવનવ્યાપી સત્ય જીવનને કયારેય અને કયાંય પણ આલોકિત કરી શકે છે?'' આ સત્યને અનાવૃત્ત કરી ભગવાને ધર્મને આકાશની જેમ વ્યાપક બનાવી દીધો. ભગવાન મહાવીરની ચાર સ્થાપનાઓ **૧) અશ્રુત્વા કેવલી, ૨) અન્યલિંગ સિધ્ધ, ૩) ગૃહસ્થલિંગ સિધ્ધ, ૪) પ્રત્યેક બુધ્ધ.** આ ચારેય સ્થાપનાઓ સંપ્રદાયોની મિથ્યા ખાતરી સામે ખુલ્લા પડકારરૂપે પ્રસ્તુત થઇ. ધર્મ જ મહાન છે, સંપ્રદાય નહિ એ સાબિત થાય છે.

**૪) સાધનાપથનો સમન્વય :** ભગવાને કહ્યું છે કે સુખ પ્રત્યે સહુને આકર્ષણ છે. કષ્ટ કોઇને ગમતું નથી અને તેને કોઇ ઇચ્છતું પણ નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે સુખની પ્રાપ્તિનો માર્ગ કષ્ટોથી રહિત નથી. શરીરને પીડા આપવી અને સુખ આપવું - ભગવાન મહાવીરનો માર્ગ આ બંનેથી પર હતો. તેમણે સુખ-દુ:ખનો સમન્વય સાધ્યો છે. એકાંગી માર્ગનો સ્વીકાર કર્યો નથી. કર્મો નિર્જરા કરવા નવકારશી અને ઉપવાસ બંને બતાવ્યા છે. જેનાથી જે થાય તે સુખે સુખે કરી શકે. તે ન થઇ શકે તો પ્રાયશ્ચિત અને વૈયાવચ્ચ પણ બતાવ્યા છે. ટૂંકમાં જેની જેવી શક્તિ તેવી ભક્તિ તે કરી શકે છે. કોઇને માટે કંઇ જ ફરજિયાત નથી પણ અંતરના ઉલ્લાસથી ધર્મ થવો જોઇએ.

**૫) જનતાની ભાષા, જનાતા માટે :** ભગવાન મહાવીર જે સમયમાં થયા ત્યારે બ્રાહ્મણો, પંડિતો વગેરે સંસ્કૃત ભાષામાં વિનિમય કરતાં, જયારે બહુજન સમાજ સામાન્ય પ્રાકૃત ભાષાનો ઉપયોગ કરતાં હતાં. સંસ્કૃત ભાષા બધાને આવડતી ન હોવાને કારણે લોકો ધર્મને સમજી શકતાં નહિ. આથી ધર્મ પર માત્ર વિદ્વાનોનો ઇજારો હોય તેવી પરિસ્થિતિ હતી. સ્રીઓ, શુદ્રો વગેરેને પણ ધર્મ પ્રાપ્ત કરવાથી દૂર રાખવામાં આવતા હતા. કારણકે તેઓમાં શિક્ષણનો અભાવ હતો. ભગવાને ધર્મના પ્રચાર-પ્રસાર માટે સર્વસામાન્ય ભાષાનો ઉપયોગ કર્યો. માત્ર એટલું જ નહિ સ્રીઓને અને શૂદ્રોને પણ ધર્મ ભણવાનો, જાણવાનો અધિકાર આપ્યો. સ્રીને સંયમ પણ આપવામાં આવતો તેમ જ સંયમ શૂદ્રોને પણ આપવામાં આવતો. જે ધર્મને-સંયમને પાળે તે સંયમી, તેમાં નાત-જાતનાં કોઇપણ ભેદભાવ નહોતા. આમ ભગવાન મહાવીરે ધર્મક્ષેત્રે પુરૂષોના-બ્રાહ્મણોનાં એકાધિકારનો ભંગ કરી સર્વેને સમાન અધિકાર આપ્યો.

**૬) કરૂણા અને શાકાહાર :** ભગવાન મહાવીરે હિંસાનો વિરોધ કર્યો. તે સમયમાં માંસાહાર ખૂબ ચાલતો તેનો વિરોધ કર્યો તેની પાછળ તેમના હૃદયમાં વહેતો કરૂણાનો અસ્ખલિત પ્રવાહ હતો. નરકમાં જવાના મુખ્ય ચાર કારણોમાનું એક મુખ્ય કારણ ભગવાને તેને બતાવ્યું. માંસાહાર નિષેધનું સૌથી પ્રાચીન પ્રમાણ જૈન સાહિત્ય અને જૈન પરંપરામાં જ જોવા મળે છે, અન્ય કયાંય નહિં. ઉપરાંત રાત્રિભોજન નિષેધ પણ જૈન ધર્મની જ મહાન દેન છે. આમ માંસાહારના વિરોધ દ્વારા સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રસ્થાપિત કર્યો.

**૭) મહાવીર સ્વામીએ હિંસક યજ્ઞને સ્થાને અહિંસક યજ્ઞની પ્રતિષ્ઠા કરી :** અહિંસાનું તેમના હૃદયમાં એકચક્રી શાસન હતું. માત્ર પંચેન્દ્રિય જીવોની નહિં પરંતુ એકેન્દ્રિયાદિ જીવોની હિંસા ન કરવાનું પણ તેમણે લોકોને આહ્‌વાન કર્યું. તે સમયમાં યજ્ઞ મોટા પ્રમાણમાં થતાં. તેમાં આહુતિરૂપે ઔષધિ, ખાદ્યસામગ્રી, પશુઓ વગેરે હોમવામાં આવતાં. આ બધાને જીવતદાન આપવા તેમણે યજ્ઞની વિસ્તૃત સમજણ આપી અને હિંસક યજ્ઞના સ્થાને અસિંહક યજ્ઞની પ્રતિષ્ઠા કરી. તેમણે દેહનું પ્રતિપાદિત કર્યું કે જેનાં ઇન્દ્રિયો અને મનનો સંયમ, અહિંસાનું આચરણ અને દેહનું વિસર્જન હોય તે શ્રેષ્ઠ યજ્ઞ છે. વળી કહ્યું કે, ''મારા યજ્ઞમાં તપ જયોતિ છે, ચૈતન્ય જ્યોતિસ્થાન છે, મન-વાણી અને કાયાની સત્તપ્રવૃત્તિ, ઘી નાખવાની કડછીઓ છે. શરીર અગ્નિ જલાવવાના છાણા છે, કર્મ ઇંધણ છે, સંયમ શાંતિપાઠ છે, આ રીતે હું અહિંસક યજ્ઞ કરું છું''. આ રૂપાંતરણથી પશુબલિનો આધાર ખળભળી ઊઠ્યો. પ્રભુ વીરના સંયમી શિષ્યો બહુ માર્મિક રીતે તેનો પ્રતિસાદ કરવામાં લાગી ગયા.

**૮) યુધ્ધ અને અનાક્રમણ :** ભગવાને અનાક્રમણનાં બે પાસા રજુ કર્યા. ૧) આંતરિક પાસુ હતું મૈત્રીનો વિકાસ, ૨) બાહ્ય પાસુ હતું નિ:શસ્રીકરણ. મૈત્રીના વિકાસ દ્વારા સર્વ સાથે મૈત્રીભાવ કોઇપણ સાથે વૈરભાવના ન રાખવી. શસ્રો પણ ન રાખવા જેનાથી કોઇની હિંસા કરીએ. આમ શત્રુતાના ભાવને હૃદયમાંથી કાઢી નાખી તેના સ્થાને હૃદયમાં સર્વ જીવો સાથે મૈત્રી જમાવવી એ જ તેમનો મુખ્ય ઉપદેશ હતો. શત્રુતાનો ભાવ હૃદય પર પ્રભુત્ત્વ જમાવે ત્યારે ભીતર વહી રહેલો પ્રેમનો સ્રોત સૂકાઇ જાય છે. મનુષ્ય ક્રુર અને દમનકારી બની જાય છે. દરેક જીવોના હૃદયમાં રહેલો આ યુગ યુગ જુનો રોગ છે તેનું એક માત્ર ઔષધ છે તે મૈત્રી ભાવનાનો વિકાસ.

યુદ્ધ માટે જોઇએ તો પોતાની ઉપર કોઇ હુમલો કે પ્રહાર ન કરે ત્યાં સુધી કોઇ સાથે યુધ્ધ ન કરવું. અપકાર કરનાર પર પણ પ્રેમ રાખવો. કરેલા ઉપકારને ભુલી જવો તેના બદલે કોઇ અપેક્ષા ન રાખવી.

**૯) અપરિગ્રહ - અસંગ્રહનું આંદોલન :** અપરિગ્રહ એ સુખનું મૂળ છે અને પરિગ્રહ જ પાપ અને દુ:ખનું મૂળ છે બધા પાપ જ કરવામાં આવે છે તેની પાછળ એક યા બીજી રીતે ભેગું કરવાની લોભવૃત્તિ રહેલી હોય છે. અપરિગ્રહનું આંદોલન એ આર્થિક

અસામાનતા ને પણ દૂર કરી શકે છે અને ગરીબ-અમીરનાં ભેદભાવો નિવારી શકે છે. અપરિગ્રહની ભાવના દ્વારા માનસિક શાંતિ, સંતોષ મળી શકે છે. અપરિગ્રહથી સંયમની જયોત પ્રજવલિત રાખવાની અને આત્માને પામવાની મુખ્ય બાબતમાં પૈસો બાધક હતો તેને ભગવાને અપરિગ્રહનો મહાવ્રતનાં રૂપમાં રજુ  કરી છે. એક નવોજ ચીલો ચાતર્યો. મોક્ષમાર્ગે આગળ વધવાનો માર્ગ બનાવ્યો.

ત્રિભુવન પતિ, કરૂણાસાદર પ્રભુ મહાવીરસ્વામીએ પામરમાંથી પરમાત્મા બનવાની દિશા દેખાડી, અહિંસા-સંયમ-તપની આરાધના દ્વારા સિધ્ધગતિનાં સુખોને પ્રાપ્ત કરવાની મંઝીલ દર્શાવી. જિનેશ્વર પ્રરૂપતિ ધર્મજ સુખ-શાંતિ-સમાધિ આપે છે. પ્રભુએ જે ધર્મનું સ્વરૂપ રજુ કર્યું છે તેમાં અખંડ-અતૂટ શ્રધ્ધા હોવી જોઇએ. ધર્મનાં કેન્દ્રમાં ગોઠવાઈ ગયેલો જીવ કયારેય સંસાર સાગરમાં ભ્રમણ કરતો નથી, રિબાતો નથી. ધર્મ એ માનવીનો પરમ મિત્ર છે તે કયારેય દગો કરતો નથી. આમ જે આત્માને પડતો બચાવે છે, ધારી રાખે છે તેવા ધર્મની ભગવાને પ્રરૂપણા કરી તે ધર્મને આપણે અંતરમાં, વિચારમાં, આચારમાં કાર્યાન્વિત કરીશું તો જીવન સફળ થઇ જશે મળેલો માનવભવ સાર્થક થઇ જશે. આવો આજથી જ આ કાંતિનો સિંહનાદ સાંભળી અજ્ઞાનતાની અંધાર રાત્રિ માંથી બહાર આવીએ. પ્રભુના માર્ગે ચાલી. અવશ્ય સિધ્ધગતિના અમુલ્ય સુખોને પામી શકીશું.

મહાવીરસ્વામીએ આ જગતને શું શું શીખવાડ્યું ?

1) Art of Loving : પ્રેમ અને અહિંસા. જગતનાં દરેક જીવો પ્રત્યે મૈત્રીભાવ માત્ર સ્થૂલ ત્રસ જીવો જ નહિ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવો સુધી કોઇને, કયારેય દુઃખ પહોંચે તેવું કાર્ય કરવું નહિ.

2) Art of Living : જીવો અને જીવવા દો જ નહિ, પોતે મરીને પણ બીજાને જીવાડો એ પ્રભુ વીરનો સંદેશ. ઓછામાં ઓછા કર્મબંધન દ્વારા - નકારાત્મકતા છોડી, હકારાત્મક વિચારો સાથે જીવવું.

3) Art of Leaving : અપરિગ્ર-ત્યાગ-છોડવું, બાર પ્રકારના તપની આરાધના સાથે ખોરાક-કષાયો-રાગ-દ્વેષ વગેરેનો ત્યાગ. નવપ્રકારનો ભૂદય, ચૌદ પ્રકારના આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી આત્માનો અપરિગ્રહ ગુણ પ્રગટાવવો. થોડુ થોડું કરી પરિગ્રહતે સર્વથા તિલાંજલિ.

4) Art of Death : અરિહંત, સિધ્ધ, સાધુ-સાધ્વી અને કેવળી પ્રરૂપિત દર્મનું શરણું અંગીકાર કરી પંડિત મરણે મૃત્યુ પામવું સંલેખના દ્વારા ક્રમશઃ કષાયોનો ત્યાગ કરી મૃત્યુને સામેથી બોલાવવું.

5) Art of Seeing : પૂર્વગ્રહ, જિદ છોડી, કોઇપણ કાર્યને અનેકાંતદષ્ટિએ જોવું. આ દૃષ્ટિ આવી જાય એટલે અનેક સમસ્યાઓનું-સંઘર્ષનું સમાધાન મળ્યા વગર રહે જ નહિ.

## Form-iv
## (See Rule-8)

1). **PLACE OF PUBLICATION: SORATH VISASHRIMALI** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

**2). Periodicity of its Publication :** Monthly

**3). Printers Name :** Shri Jayesh Saradchandra Vasa

**Nationalaity :** Indian

**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

**4). Publishers Name :** Shri Jayesh Saradchandra Vasa

**Nationalaity :** Indian

**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

**5). Editors Name :** Shri Rajendra Ottamchand Punatar

**Nationalaity :** Indian

**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

6. Names and Addresses of individuals who own the news paper and partners or share holders holding more than one percent of the total capital.

**"SHRI SORATH VISASHRIMALI JAIN SAMAJ"**

Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

I, Jayesh Saradchandra Vasa hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date: 20-03-2025

**Signature of the Publisher**

Jayesh Saradchandra Vasa

*With Best Compliments*
*from :*

# FORAGE CHEMICAL INDUSTRIES

**MANUFACTURING OF ZINC OXIDE (NEOLA BRAND)**

**USED IN CERAMIC ELECTRONIC, PAINT, PHARMACEUTICAL, RUBBER TYRE & SPECIALITY CHEMICAL INDUSTRIES**

**MANUFACTURING OF ZINC POWDER (GIRNAR BRAND)**

**USED IN PESTICIDES, AS REDUCING AGENT IN PHARMA INTERMEDIATE, MARINE PAINTS & SPECIAL CHEMICAL INDUSTRIES**

**: Office :**

C-152, Antop Hill, Warehousing, V.I.T. College Road,
Wadala (E), Mumbai - 400 037, Maharashtra,
Ph.: +91 22 24111776 Fax : +91 22 24183639

**: Factory :**

Opp. Rly. Station, Lushala - 362 215
Taluka Vanthli, Dist. Junagadh, Gujarat
Ph.: (02872) 255625 E-mail : forage@gmail.com
Web : www.foragechemical.com

**Quality for Age.......**

**"CARE MORE FOR OTHERS THAN FOR YOURSELF"**

*With Best Compliments*

*From :*

# KURLA ENGINEERING
# &
# METAL PRINTERS

**QUALITY PRINTERS OF ALLUMINIUM & TIN SHEETS**

**Murlimal Shrikrishandas Compound,**
**L.B.S. Marg, Opp. Bhandup Railway Station,**
**Bhandup (West), Mumbai – 400078**

**Contact NO. + 91 22 67993011 / +91 22 25953011**
**Email : info@kemetalprinters.com**

***-: Warm Regards :-***

**Pradip G. Vora,**
**Bina P. Vora, Dharmil P. Vora,**
**Dhara D. Vora, Shanaya D. Vora**
**Pradip Vora : + 91 9821034572**
**Dharmil Vora : +91 9819834491**

# પરિસ્થિતિ

**વિચાર, ઉચ્ચાર અને આચારની એકતા એ જ માનવ વિકાસનો ખરો પાયો છે. વિચાર વગરનો ઉચ્ચાર એટલે માત્ર વાણી વિલાસ. આચાર વગરનો વિચાર એટલે શૂન્ય - નિષ્ફળતા. જે ઉચ્ચારની પાછળ વિચારની શક્તિ અને આચારનું તપ નથી, તે સૌ નિરર્થક છે ! તે નથી કોઇને લાભકર્તા અને વળી પોતાની જાતને તો તે લાંબે ગાળે ય નુકસાન જ પહોંચાડે છે ! માટે કોઇપણ પદ ઉપર હોઇએ, તે અંગે સદા સર્વદા સાવચેતી રાખવી. સામેવાળી વ્યક્તિને સમજો વિચારો અને પછી સો વખત વિચાર કરીને બોલો. કયારેક આપણી પોતાની અવિવેકી વાત કયારેક આપણું પોતાનું નિંદાનું કારણ બની શકે છે.**

એક રવિવારની નિરાંતવાળી સવારે, લોકો ન્યુયોર્ક સિટી સબવે ટ્રેનમાં સવાર થઇને તેમના આગલા મુકામ પર જઇ રહ્યા હતા. ટ્રેનમાં સવારે થોડા મુસાફરો સવારનું અખબાર વાંચી રહ્યા હતા અથવા તેમની ખુરશીઓ પર સૂતા હતા. બધાં મુસાફરો માટે હળવાશની પળો માણવાની તે એક શાંત મુસાફરી હતી.

એક સ્ટેશન પર પહોંચતા જ ટ્રેન ઊભી રહી, અને નાના બાળકો સાથે એક માણસ ચડયો. ટ્રેનમાં ચડતા અને ઉતરતા મુસાફરોની થોડી ચહલપહલ પછી, ટ્રેન ઉપડી અને દરવાજા ધીમે ધીમે બંધ થઇ ગયા. ઉપડયા પછી એક મિનિટ કરતાં પણ ઓછા સમયમાં, ટ્રેન માં કોલાહલ મચી ગયો, સમજો કે જાણે અરાજકતા ફાટી નીકળી. જે માણસ હમણાં જ ચડ્યો હતો તે ટ્રેનની એક સીટ પર બેઠો હતો પરંતુ તેના નાનાં નાનાં બાળકો બૂમો પાડતા, ચીસો પાડતા અને એકબીજા સાથે ધીંગા મસ્તી કરતાં કંપાર્ટમેન્ટ માં ધમાચકડી કરવા લાગ્યા.


ટ્રેનમાં જે મૌન પ્રસરેલું હતું તે અદ્દશ્ય થઇ ગયું, અને તેનું સ્થાન ફકત બાળકોના તોફાન અને ઘોંઘાટે લઇ લીધું. બાળકોના પિતા એ દરમિયાનગીરી કરવાનો કોઇ પ્રયાસ ન કર્યો. આમ દસ મિનિટ પસાર થઇ ગઇ. કેટલાક વૃદ્ધ મુસાફરો વ્યગ્ર થઇને આકુળવ્યાકુળ થવા લાગ્યા. બાળકો તરફ નજર ફેરવી અને ગુસ્સાથી તેમના પિતા તરફ જોયું, તેમના મનમાં ગુસ્સા અને ઘૃણા ભરેલા વિચારો આવ્યા. શા માટે તે તેના બાળકોને શાંત રાખવા માટે કંઇક કરી રહ્યો નથી? કેવું અસંસ્કારી કુટુંબ! આ બાળકો અસહ્ય છે... આ ખૂબ હેરાન કરે છે. શા માટે તેઓ બીજી ગાડીમાં બેસતાં નથી? શું મારે બીજી ગાડીમાં જવું જોઇએ? દરેક મુસાફરના મનમાં એક સામાન્ય વિચાર આ હતોઃ પિતાએ બાળકોને તોફાન રોકવા માટે કંઇક કરવું જોઇએઃ તેમને સુધારવા માટે નમ્ર કે કડક શબ્દોમાં આદેશ આપવો જોઇએ. કોઇ પણ પ્રકારે આ બધું બંધ કરાવવું જોઇએ. જોકે, એવું કંઇ ન થયું. છેવટે, એક બિઝનેસમેન થી રહેવાયું નહીં. તે પિતા પાસે ગયો, તેના જેકેટના કોલર પકડીને ગુસ્સાથી બોલ્યો ''સર, તમારા બાળકો વિશે કંઇક કરો. તેમને હમણાં જ ઠીક કરો!'' પિતાએ ધીમેથી તે માણસ તરફ જોયું અને તુટેલા શબ્દોમાં ધીમેથી જવાબ આપ્યો, 'હું જાણું છું કે મારે કંઇક કવું જોઇએ' બસ... અમે હમણાં જ હોસ્પિટલમાંથી પાછા આવ્યા છે. તેમની માતાનું એક કલાક પહેલા અવસાન થયું છે. મને ખબર નથી કે શું કરવું.'' પિતાએ આ શબ્દો કહ્યા અને તેની વિષાદ ગ્રસ્ત આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા. પિતાના જવાબથી સ્તબ્ધ થયેલા બિઝનેસમેને પોતાની પકડ છોડી દીધી અને માફી માંગી ને પોતાની સીટ પર પાછા જવા લાગ્યો. તે ક્ષણે, સમગ્ર ટ્રેનું વાતાવરણ જે ગુસ્સા અને ઘૃણા થી ભરેલું હતું તે ઊંડી કરૂણા અને સહાનુભૂતિ માં ફેરવાઇ ગયું.

આ વાર્તા ઘટના અને લોકોના વર્તન ને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જોવાની અને ઉતાવળે કોઇ અભિપ્રાય કે મંતવ્ય આપતાં પહેલાં હંમેશા પરિસ્થતિ સમજવાનો પ્રયાસ કરવાની શીખ આપે છે, તેમજ તમે માનવ હોવ તો નમ્રતા નો ગુણ હોવો જરૂરી છે. તમે તમારા ઘરમાં અને તમારી ઓફિસમાં જેવું વર્તન કરો છો તે જ વર્તન બહારની વ્યક્તિ કદાચ સાંખી પણ ન લે અને અત્યારના જમાનામાં કોઇ પણ કોઇનું અયોગ્ય કયારેય સહન નથી કરવાનો. કયારેક આપણે કરેલું આપણું જોહુકમી વર્તન બધાની સામે આવે ત્યારે આપણી આખી જિંદગી પર પાણી ફરી જાય છે.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ – મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી,
પ્રાગજી વૃંદાવન પ્રીમાઈસીસ કો. ઓ. સોસાયટી લી., રૂમ નં. ૪૩, ૩જે માળે, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન ૪૯૧૩૪૦૩૦

## રાહત દરે અનાજ વિતરણ યોજના




ફેબ્રુઆરી માસ ૨૦૨૫ના
અનાજ વિતરણમાં ભાગ
લેનાર ભાગ્યશાળીઓ
શ્રી ઉમેદચંદ
અમૃતલાલ શાહ
પરિવારના સૌજન્યથી



શ્રી ઉમેદચંદ અમૃતલાલ શાહ

શ્રીમતી હંસાબેન ઉમેદચંદ શાહ



શ્રી સાકરચંદ
વેલજી વસા
પરિવારના સૌજન્યથી




શ્રી સાકરચંદ વેલજી વસા

શ્રીમતી ઉજમબેન સાકરચંદ વસા



માર્ચ માસ ૨૦૨૫ના
અનાજ વિતરણમાં ભાગ
લેનાર ભાગ્યશાળીઓ
શ્રી ફુલચંદ
લીલાધર વોરા
પરિવારના સૌજન્યથી



શ્રી ફુલચંદ લીલાધર વોરા

શ્રી પ્રાણલાલ ફુલચંદ વોરા

# બાળકોને પ્રવૃત્તિ આપતા પહેલાં શું જાણવું જોઇએ ?

- ડૉ. અશોક પટેલ

## બાળકોને કોઇ કામ કે પ્રવૃત્તિ સોંપતી વખતે તેની પરિપકવ ઉંમર ધ્યાનમાં રાખવી જ પડે

દરેક માબાપ પોતાનં બાળકનો સંપૂર્ણ વિકાસ થાય અને આગળ વધે તેવું ઇચ્છતા હોય છે. સાથે એવું પણ ઇચ્છતાં હોય છે કે મારું બાળક અન્ય બાળક કરતાં વિશિષ્ટ હોય અને તેના કરતાં આગળ પણ હોય. માટે જ તેઓ બાળકને વિવિધ પ્રવૃતિઓ કરાવે છે. વિવિધ પ્રવૃત્તિઓ કરાવે અને તેમાંથી બાળકને ગમતી પ્રવૃતિ પકડી રાખે તે સારી બાબત છે. પણ વિવિધ પ્રવૃત્તિઓમાં મારું બાળક અન્ય બાળક કરતાં આગળ જ હોવું જોઇએ તે એપેક્ષા ખોટી છે.

વાલીની આ ખોટી અપેક્ષા ના સંતોષાય ત્યારે બાળક હતાશ થાય છે અને વાલી દુ:ખી થાય છે. હકીકતમાં બાળક પાસે કઇ પ્રવૃત્તિ કરાવવી જોઇએ અને તે પ્રવૃત્તિમાં કેટલી અપેક્ષા રાખી શકાય તેનો આધાર વાલીની અપેક્ષા કે મહેનત પર નથી. પણ બાળકની પરિપકવતા અને રસ પર છે. માટે જ બાળક પાસે પ્રવૃત્તિ કરાવીએ તે પહેલાં તેની પરિપકવતાને જાણવી અને ઓળખવી જરૂરી છે.

વાલી બજારમાં બાળક માટે રમકડાં ખરીદવા જાય ત્યારે તેનાં બોક્સ ઉપર તે રમકડાં કઇ ઉંમરનાં બાળકો માટે છે તે લખેલું હોય છે. તેને બાળકની પરિરક્વ ઉંમર કરી શકાય. આમ રમકડાં બનાવનાર બાળકની પરિપક્વ ઉંમર જાણે છે. પણ જેણે જન્મ આપ્યો છે. તેવા ઘણા વાલી બાળકની પરિપક્વ ઉંમર નક્કી કરી શકતા નથી. માટે જ તેઓ બાળક માટે ખોટી પ્રવૃત્તિ પસંદ કરે છે. હકીકતમાં બાળકને કોઇ કામ કે પ્રવૃત્તિ સોંપતી વખતે તેની પરિપક્વ ઉંમર ધ્યાનમાં રાખવી જ પડે.

બાળકની કુદરતી રીતે વૃદ્ધિ થઇને વધુમાં વધુ કક્ષા સુધી પહોંચવાની પ્રક્રિયાને પરિપકવતા કહેવામાં આવે છે. તે કુદરતી છે. તે આંતરિક શક્તિ છે. જેને બાહ્ય રીતે વધારી શકાતી નથી. પરિપકવતા એ સ્નાયુ અને માંસપેશીમાં પ્રાપ્ત થતી દ્રઢતા છે. તેને અનુભવ સાથે કોઇ લેવાદેવા નથી.

બાળકના શારીરિક, માનસિક, સામાજિક, સંવાંર્ગિક, નૈતિક, આધ્યાત્મિક વગેરે વિકાસ પર પરિપક્વતાની અસર જોવા મળે છે. પરિપક્વતા માટે ઉપરોક્ત બાબતો સમજવામાં આવે તો બાળક પાસે કામ લેવાની મજા આવશે. બાળકને પણ મજા આવશે અને તેનો વિકાસ સારો થશે.

યોગ્ય પરિપક્વતા વગર બાળક જાતે ખાઇ કે નાહી શકે નહિ. ચાલવા માટે પરિપકવ બને ત્યારે જ ચાલતા શીખશે.

નાની ઉંમરમાં બાળકને સાઇકલ શીખવવાનો પ્રયત્ન સફળ ના થાય તેવીજ રીતે હાર્મોનિયમ શીખવવું. ક્રિકેટમાં બેટિંગ કે બોલિંગ કરવી, ચોક્કસ પઝલ ઉકેલવી વગેરે માટે પરિપક્વતા જરૂરી છે.

અહીં એ બાબત ખૂબ જ અગત્યની છે કે પરિપક્વતા પહેલાં કોઇ બાબત શીખવવામાં આવે તો તેમાં નિષ્ફળતા મળવાની શકયતા વધુ છે. અંતે બાળક હતાશ થાય છે અને ત્યારબાદ તેને શીખવવાનો પ્રયત્ન કરશો તો તે શીખવાની જ ના પાડશે. તેનાથી દૂર જશે. તેનાથી ઉલટું પરિપક્વ હોય અને તે સમયે તે શીખી શકે એમ હોય અને જો શીખવવામાં નહિ આવે અને ત્યારબાદ લાંબા સમય શીખવવો પ્રત્ન કરીશું તો પણ નિષ્ફળતા જ મળશે.

જેમકે વીસ કે ત્રીસ વર્ષે સ્કૂટર કે કાર શીખ્યા ના હોય ત્યારબાદ પચાસ વર્ષે શીખવવાનો પ્રયત્ન કરીશું તો તે માટે વ્યક્તિ તૈયાર જ નહિ થાય. તેને તે શીખવામાં રસ જ નહિ હોય. પંદર વર્ષ સુધીમાં સ્વિમિંગ નહિ શીખેલ વ્યક્તિ ત્રીસ વર્ષે સ્વીમિંગ શીખવા તૈયાર નથી હોતા. આમ બાળક જયારે જે બાબત માટે પરિપક્વ હોય ત્યારે જ જે તે બાબત કરાવવામાં આવે તો તેને રસ પડશે અથવા તો તે કરવા માટે તૈયાર થશે. પરિપક્વતા પહેલાં કે પછી જે પ્રવૃત્તિ કરાવવાનો પ્રયત્ન કરીશું તેમાં નિષ્ફળતા જ મળશે.

ઘણા વાલી બીજાનાં બાળકને જોઇને પોતાનાં બાળક પાસે અપેક્ષા રાખે છે. માની લઇએ કે પરિપકવતા સમાન છે છતાં કોઇ બાળક કરવા જેવી પ્રવૃત્તિ ના પણ કરે. કારણ કે તે પ્રવૃત્તિ તેને ગમતી નથી કે તેને તેમાં રસ નથી. આમ પરિપક્વતાની સાથે બાળકનો રસ જાણવો પણ જરૂરી છે. આજે ઘણી શાળામાં જુનિયર કે સિનિયર કે.જી.માં બાળકોને વાંચતા, લખતા શીખવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

પ્રાથમિક શાળામાં પ્રવેશની ઉંમર છ વર્ષ એટલા માટે જ રાખવામાં આવી છે. બાળક શાળામાં જશે ત્યારે શીખશે. જેથી ઘરે કે કે.જી. કક્ષાએ બાળકને વાંચન, લેખન શીખવવું અયોગ્ય છે. છતાં શીખવવાનો પ્રયત્ન કરશો તો તે માટે સમય બહુ જ લાગશે. લાંબા સમયે શીખશે. એના કરતાં પરિપક્વ થાય ત્યારે જો શીખવવામાં આવે તો તરત જ શીખી લે છે.

આમ વહેલાં વાંચન, લેખન શીખવવાથી કોઇ ફાયદો નથી. ચાર-પાંચ વર્ષની ઉંમરે તેને ગીતો સંભળાવી અને ગવડાવી શકાય. વાર્તા કહીને કલ્પનાશક્તિ વિકસાવી શકાય. વિવિધ રમકડાં રમવા આપીને પાંચે પાંચ ઇન્દ્રિયોનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય. હા. કેટલાંક વહેલાં શીખે છે તો કેટલાંક બાળકો મોડાં શીખે છે. તે માટે જવાબદાર છે તેને પ્રાપ્ત થયેલ પ્રતિભા. કૌશલ્ય અને વિવિધ શક્તિઓ.

અશોકી : વાલીએ પોતાને ગમે છે તેવી નહિ, પણ બાળકને ગમે છે તેવી પ્રવૃત્તિ કરાવવી જોઇએ.

# શ્રદ્ધાંજલીના સુમન

જન્મ

તા.: ૦૫-૦૨-૧૯૪૭





અરિહંત શરણ

તા.: ૦૭-૦૩-૨૦૧૫



## સ્વ. હર્ષદભાઈ રતિલાલ મહેતા

તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને,
ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઊઠ્યા,
યાદ તમારી આવતા આંખલડી છલકાય છે,
જોઈ તસ્વીર તમારી, આસું ઊભરાય છે.

### પ્રેમાળ પરિવાર

**સ્વ.વિમળાબહેન રતિલાલ મહેતા**

**શ્રીમતી કિરણબહેન હર્ષદભાઈ મહેતા**

**ચિ.બિનીતા નિખિલેશ ઉતપત્ત**

રમેશભાઈ – હેમલતાબેન
મીનાક્ષીબેન – નરેશભાઈ વોરા
મધુકરભાઈ – પ્રજ્ઞાબહેન
સ્વ.નિર્મળાબહેન કાંતિલાલ વોરા
મનોજભાઈ – કુંદનબહેન
મહેશભાઈ – પ્રીતિબહેન
ઈન્દુબહેન – સ્વ.ભૂપતરાય અજમેરા
પંકજભાઈ – રેખાબહેન
સરલાબહેન – સ્વ.નીતિનભાઈ વોરા

Kayami

# વાંચ્યું... ગમ્યું... છાપ્યું...

દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસ તરીકે જાહેર કરાયો છે. કહેવાય છે કે મનથી બોલાય એ માતૃભાષા અને મગજથી બોલાય એ પરભાષા. કોઇએ ખૂબ જ સુંદર કહ્યું છે કે ''મા'' ના ધાવણ પછી જો કોઇ શ્રેષ્ઠ ટોનિક હોય તો તે માતૃભાષા છે. જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.

કવિ ખબરદાર કહે છે ''ગુર્જર વાણી ગુર્જર લ્હાણી, ગુર્જર શાણી રીત, જંગલમાં પણ મંગલ કરતી ગુર્જર ઉધમ પ્રીત''.

કવિ નર્મદે પણ ખૂબ જ સરસ કહ્યું છે ''મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી પણ મને કડકડાટ ગુજરાતી આવડવાનો ગર્વ છે.''

નેલ્સન મંડેલા કહે છે કે ''કોઇ માણસને તમે એ સમજે એવી ભાષામાં બોલો તો મસ્તક સુધી જાય છે, પણ તેને તમે એની માતૃભાષામાં સમજાવી શકો તો એ હૃદય સુધી પહોંચે છે.''

આ સિવાય પણ આપણા ગુજરાતી લેખકો અને કવિઓએ આપણી ગુજરાતી માતૃભાષા વિષે ઘણું બધું કહ્યું છે, જે વાંચ્યા પછી આપણને બધાને આપણી માતૃભાષા પ્રત્યે માન, સન્માન અને લાગણી પેદા થયા વગર રહી શકે એમ નથી.

માતૃભાષા એટલે મારી ભાષા. માતૃભાષા એટલે મારી માતાની ભાષા. માતાના ગર્ભમાંથી જ જે ભાષાનું જ્ઞાન મને થયું તે એટલે મારી માતૃભાષા જે ભાષાએ મને બોલતાં શીખવ્યું, જેના શબ્દો મને પોતીકા લાગે છે, જે ભાષામાં મમતા અને વાત્સલ્ય બંને છે તે એટલે મારી માતૃભાષા. જે ભાષા એક માતાની જેમ મારી સંભાળ રાખે છે, મારી કાળજી કરે છે, તે છે મારી માતૃભાષા.

દરેક વ્યક્તિના જીવનમાં જ્ઞાનનો આરંભ માતૃભાષાથી જ થાય છે. વ્યવહારનું જ્ઞાન દરેક વ્યક્તિ માતૃભાષામાં સહજતાથી મેળવે છે માતૃભાષામાં જ વ્યક્તિનો સર્વાંગી એટલે કે માનસિક, બૌદ્ધિક, ભાષાકીય વિકાસ સરળતાથી થઇ શકે છે. મનના ભાવોને માતૃભાષામાં સરળતાથી વ્યક્ત કરી શકાય છે. વળી સંકટના સમયે કે દુઃખના સમયે તો મુખમાંથી માતૃભાષામાં જ સહજ ઉદ્‌ગારો સરી પડે છે.

માતૃભાષા એ માતાના દૂધની સમાન પવિત્ર અને સ્વાસ્થવર્ધક છે. વિચારોની મૌલિકતા અને વિચારોની સ્પષ્ટતા માતૃભાષામાં સરળતાથી મેળવી શકાય છે. ''માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મળે તો બાળકોનો સર્વાંગી વિકાસ થઇ શકે છે.'' માતૃભાષામાં શિક્ષણની આ પ્રથમ પગથી બાળકોનો સર્વાંગી વિકાસ અવશ્ય સાધશે કારણ કે દરેક બાળક પોતાની માતૃભાષામાં પોતાના મનના ભાવોને અહીં સરળતાથી વ્યક્ત કરતો હોય છે.

પ્રતિભાવના અંતમાં માતૃભાષા વિષે કવિ રઇશ મણિયાર ના વિચારો નીચેની પંક્તિમાં રજુ કર્યા છે.

**''મેં તારા નામનો ટહુકો અહીં છાતીમાં રાખ્યો છે. ભૂંસાવા કયાં દીધો કક્કો ? હજી પાટીમાં રાખ્યો છે.**
**મલક કંઇ કેટલા ખૂંદ્યા, બધાની ધૂળ ચોંટી પણ, હજુયે મારો ધબકારો મેં ગુજરાતીમાં રાખ્યો છે.''**

**અને એટલે જ**

**''જેને વાંચવાથી મળે છે જીજીવિષા, જેને સાંભળીને નથી આવતી કદી નિરાશા,**
**જેને લખવાથી મળે છે નૂતન આશા, એવી પોષક અને પ્રેમાળ છે મારી માતૃભાષા.''**

આજકાલના વિદ્યાર્થીઓને કદાચ ખબર પણ નથી કે ભારતીય ભાષાઓની વર્ણમાળામાં વિજ્ઞાન ભરેલું છે. વર્ણમાળાના પ્રત્યેક અક્ષર તર્કશુદ્ધ છે અને ચોક્કસ ગણતરી સાથે ક્રમશઃ મુકવામાં આવ્યાં છે. અન્ય વિદેશી ભાષાની વર્ણમાળામાં આવો વિજ્ઞાનિક દ્રષ્ટિકોણ જડતો નથી. ઉદાહરણ જુઓઃ

ક ખ ગ ઘ ઙ - આ પંચના સમુહને કંઠવ્ય કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરતી વખતે કંઠમાંથી ધ્વનિ નીકળે છે. ઉચ્ચાર કરી જુઓ.

ચ છ જ ઝ ઞ - આ પાંચેય તાલવ્ય કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ તાળવે લાગશે. ઉચ્ચાર કરી જુઓ.

ટ ઠ ડ ઢ ણ - આ પાંચેય મૂર્ધન્ય કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ મૂર્ધાને લાગશે. ઉચ્ચાર કરી જુઓ.

ત થ દ ધ ન - આ પાંચેયના સમૂહને દંતવ્ય કહેવાય છે કારણકે આનો ઉચ્ચાર કરતી વખતે જીભ દાંતને અડે છે. પ્રયત્ન કરી જુઓ.

પ ફ બ ભ મ - આ પાંચનાં સમૂહને ઔષ્ઠવ્ય કહેવાય છે કારણકે આના ઉચ્ચાર કરવા માટે બન્ને હોઠનું મિલન થાય છે. પ્રયત્ન કરી જુઓ.

આટલો વૈજ્ઞાનિક એપ્રોચ છે દુનિયાની અન્ય કોઇપણ ભાષામાં ?

આપણે આપણી ભારતીય ભાષા માટે ગૌરવ જરૂર કરીએ પણ સાથોસાથ શા કારણસર, એ પણ જાણકારી રાખીએ તથા દુનિયાને જણાવીએ.

# હાર્દિક શ્રધ્ધાંજલી

જન્મ
૦૮-૦૬-૧૯૪૧



અરિહંત શરણ
૦૨-૦૩-૧૯૯૨





## સ્વ. શ્રી નવનીતરાય જેચંદ વસા (મૂળવતન : પાટણવાવ)

**રહેવાને સદાય દુનિયામાં કોઇ આવતું નથી**
**છતાં તમે ગયા એમ કોઇ જતું નથી**
**વિદાય એવી લીધી કે મન હજી માનતુ નથી**
**નિર્દોષ હસતું મુખડું આપનું નજર સામેથી જતું નથી**
**જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે**
**કર્મ એવા કર્યા કે હૃદયમાં સૌનાં ગુંજયા કરે**

**વ્હાલના વડલા જેવું આપનું જીવન અસ્તિત્વ તો અમારી વચ્ચે નથી, પરંતુ એ વડલાની શીતળ છાયા સમાન આપના દ્વારા થયેલું જીવનઘડતર અને સંસ્કારોનું સિંચન, સંઘર્ષ પ્રત્યે સકારાત્મક જીવનશૈલી અને સમતાભાવ અમારા માટે પથદર્શક, પ્રેરણાદાયી અને આર્શીવાદરૂપ બની રહે એજ પ્રાર્થના**


**લિ.**
**સ્વ. ફુલકુંવરબેન જેચંદ જૂઠાભાઈ વસા પરિવાર**

**પત્ની** : પુષ્પાબેન નવનીતરાય વસા
**પુત્રી** : ડોલી રાજેશ કોરડીયા
**પુત્રી** : અનિષા અમિત ગાંધી
**પુત્રી** : નિશા કેતન વોરા

**ભાઈ-ભાભી** : પ્રતાપરાય-અરુણાબેન
**ભાઈ-ભાભી** : પ્રમોદભાઈ-દક્ષાબેન
**ભાઈ-ભાભી** : વિનોદભાઈ-આરતીબેન
**પુત્રી** : નેહા જીગર શાહ

**ભત્રીજી-ભત્રીજા :** ડિમ્પલ પારસ વસા - નીકિતા સીજો જોન,જૂલી નીતેશ ભણશાલી
અમી ભાવેશ પટેલ - બિનીત વિનોદભાઈ વસા - હિરલ વિનોદભાઈ વસા
**પૌત્ર-પૌત્રી :** રીષભ-જય, મિહીર-દેવ, ઇષા, કેવીન, હર્ષ, વિરાજ, પૂજા, રાજ
**ફોન :** પુષ્પાબેન નવનીતરાય વસા - ૦૭૦૨૧૭ ૨૨૫૫૩

Kayami



# ગુજરાતી ભાષા બોલનારને 'ગુજજુ ગુજજુ' કહીને એની હાંસી ઉડાવવામાં આવે છે !

**- આરતી રામાણી 'એન્જલ'**

ગુજરાતી કેવી સુંદર ભાષા છે આપણી ! દુનિયાનો કોઇ પ્રદેશ એવો નથી જયાં આપણી ગુજરાતી ભાષા બોલતા ગુજરાતીઓ વસતા નહીં હોય. જયાં 'કેમ છો ?' ફક્ત આટલું જ પૂછતા માંદો માણસ પણ તાજગી અનુભવે અને કહે કે 'મોજે મોજ હો, વાલા' ત્યારે એની આભા અલગ જ રીતે ખીલી ઉઠે છે, પરંતુ દુઃખની વાત છે કે આ ગુજરાતી ભાષાનું મહત્વ બધી જ જગ્યાએ જોવા નથી મળતું ! ઘણી જગ્યાએ તો ગુજરાતી ભાષા બોલનારને 'ગુજજુ ગુજજુ' કહીને એની હાંસી ઉડાવવામાં આવે છે !

ગુજરાતી ભાષાની ધરોહર, ગુજરાતી સાહિત્ય નો વારસો એટલો વિશાળ છે કે એની કલ્પના પણ ના કરી શકાય. એક વૃક્ષ પોતાના મૂળ જેટલાં ઉંડે સુધી ફેલાવે એનાથી પણ વધુ ઊડે સુધી ગુજરાતી ભાષાની જડ ફેલાયેલી છે, પરંતુ એને સમજનાર વર્ગ બહુ ઓછો જોવા મળે છે ! વાત કરી એ સાહિત્યની તો ઠેર ઠેર; ફક્ત અંગ્રેજી અને હિન્દી જ ભાષાની બોલબાલા જોવા મળે છે જયારે અખો, દલપતરામ, કવિ કાન્ત, નરસિંહ મહેતા, મીરાબાઈ, દયારામ, પ્રેમાનંદ, ગંગાસતી, નન્હાલાલ, કલાપી, ઉમાશંકર જોશી, સુંદરમ્, હરીન્દ્ર દવે, લાભશંકર ઠાકર, હરિકૃષ્ણ પાઠક, રમેશ પારેખ, ખલીલ ધનતેજવી, આદિલ મન્સુરી, મણિલાલ પટેલ, અશ્વિની ભટ્ટ, ઇશ્વર પેટલીકર, કનૈયાલાલ મુનશી, કાકા કાલેલકર, ગુણવંત શાહ, ચંદ્રકાંત બક્ષી, ચંદ્રકાંત શેઠ, જયોતીન્દ્ર દવે, જયંત પાઠક, જયંત મેઘાણી. જોસેફ મેકવાન, ઝવેરચંદ મેઘાણી, તારક મહેતા, ધૂમકેતુ, ધ્રુવ ભટ્ટ, નર્મદ, પન્નાલાલ પટેલ, મકરંદ દવે ને આવા તો ઘણાજ આદરણીય સાહિત્યકારો છે જેમણે ગુજરાતી સાહિત્યને આગળ વધારવામાં પોતાનું અનોખું યોગદાન આપ્યું છે. એમના દ્વારા લખાયેલા ગીત, કવિતા, પાઠ, નિબંધ, છપ્પા કે કોઇપણ રચના જયારે આપણને આ સમયે પણ પાછી ભણવા કે વાંચવા મળી જાય તો આપણે આપણી જાતને ધન્ય અનુભવીએ. એમની પાસે આપણે તો આપણને એમના ચરણની રજ સમાન પણ ના ગણી શકીએ ત્યારે આપણને હવે ગુજરાતી ભાષાની ધરોહર, ગુજરાતી સાહિત્યને વારસા સ્વરૂપે કોઇને સોંપવામાં પણ કેટલો ડર લાગે છે. કારણકે ગુજરાતી ભાષા કરતાં વિદેશી ભાષાનો અંગીકાર વધુ જોવા મળે છે ! બેશક, બધી બાષા શીખવી અને બોલવી જોઇએ, પણ આપણે આપણી જડ કયારેય ના ભૂલવી જોઇએ એ બાબત હાલ કોઇ સમજતું નથી. એક વૃક્ષ ગમે તેટલું ઘેઘૂર બની જાય, ફળ આપે, ફૂલો આપે, પરંતુ એ પોતાનાં મૂળિયાં જમીનમાં હંમેશાં ખૂપાવીને રાખે છે. જેવી એની જડ જમીનની બહાર નીકળી કે એ વૃક્ષ ધડામ દઇને નીચે ! આ બાબત આપણે બધાએ સમજવી જ રહી.

હાલ ગુજરાતી સાહિત્ય આગળ વધે એ માટે ઘણા ગ્રુપો આગળ આવ્યા છે જે અવારનવાર અનેક સ્પર્ધાઓનું આયોજન કરી, સાહિત્યને આગળ વધારવામાં તેઓ મદદ કરી રહ્યા છે. ગુજરાતી ભાષા પણ વિકાસ પામે એવાં તમામ કાર્યો તેઓ કરતા હોય છે, પરંતુ દુઃખની વાત છે કે એ ફક્ત વાટ્સએપ ગ્રુપ કે અમુક સોશિયલ મીડિયા પૂરતું જ સીમિત રહી ગયું છે. જયારે સ્પર્ધા માટે સોશિયલ મીડિયા પર સર્ફિંગ કરવામાં આવે તો જે સ્પર્ધા છેક વર્લ્ડ લેવલે થતી હોય છે તેમાં પણ મોટેભાગે જે જાહેરાતો આવે છે તેમાં ફક્ત અંગ્રેજી ભાષા જ માન્ય હોય છે. તેનાથી થોડું આગળ તરફ આવીએ તો તે જાહેરાતકર્તા હિન્દી ભાષા પણ માન્ય કરવા તૈયાર થતા હોય છે. કેટલી દુઃખની વાત છે કે જયારે એમને એમ પૂછવામાં આવે કે 'ગુજરાતી ભાષા આ સ્પર્ધામાં માન્ય છે ખરાં ?' ત્યારે એમનો ફક્ત એક જ જવાબ હોય છે 'ફક્ત અંગ્રેજી અથવા હિન્દી જ !' આનું એક કારણ એ પણ છે કે લોકોને ગુજરાતી ભાષા વાંચતા કે લખતાં આવડતી નથી હોતી તો જેવી રીતે અંગ્રેજી અને હિન્દી ભાષા માટે નિર્ણાયકો નીમી શકે એવી રીતે ગુજરાતી ભાષા માટે ના નીમી શકે અથવા એમ કહી શકાય કે એ લોકોને ગુજરાતી ભાષાનું મહત્વ ખરેખર, ખબર જ નહીં હોય.

અહીં ગુજરાતી ભાષાની જ ફક્ત વાહવાહી કરવાનો ઉદ્દેશ્ય નથી, કારણ બધી ભાષા એ માં સરસ્વતીનાં જ અંગો છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જો દરેક ભાષા માં સરસ્વતીનાં જ અંગો હોય તો એમનાં બે અંગો જ ખાલી પ્રાધાન્ય શા માટે અપાતું હશે ? ઘણી વાર ગુગલ પર કંઇક સર્ચ કરતા હોઇએ ત્યારે પણ ફક્ત અંગ્રેજી અથવા હિન્દી ભાષામાં જ એની માહિતી ઉપલબ્ધ જોવા મળતી હોય છે ત્યારે એમ થાય કે કેમ કોઇ ગુજરાતી ભાષામાં ત્યાં માહિતી ઉપલબ્ધ નહીં કરાવતું હોય ? આનું એક કારણ એ પણ હોઇ શકે કે કોઇપણ ક્ષેત્રે પછી સાહિત્ય ક્ષેત્ર હોય કે ફિલ્મ ક્ષેત્ર બધે જ અંગ્રેજી અને હિન્દી ભાષાને પ્લેટફોર્મ બહુ સારા મળતા હોવાથી એની નાણાકીય આવક અને સહાય પણ વધુ મળતી રહે છે જેથી એમાં બધાં ઝંપલાવવાનું પસંદ કરે છે જયારે ગુજરાતી ભાષા ક્ષેત્રે આવકનું પ્રમાણ નથી વધી રહ્યું. કારણ કે એમાં રોકાણકારો પણ નથી મળી રહ્યા એ માટે જ કદાચ ગુજરાતી સાહિત્ય અને ભાષા દબાઈ રહી છે.

જો દરેક ભાષાની જેમ ગુજરાતી ભાષાને પણ ક્ષેત્ર મળવા લાગે તો આ ભાષા પણ દરેક ભાષાની જેમ આગળ વધી શકે અને દરેક ભાષાને ખભેથી ખભો મળાવી ઊભી શકે.

**છે હવે આપણાં હાથમાં ગુજારાતી ભાષાની ધરોહર,**
**બચાવવી પડશે આપણે જ થતાં એને સાવ જર્જર.**
**જેટલું માન મળે બીજી ભાષાને, મળે ગુજરાતીને માટે,**
**ફેલાવવી પડશે એની જડ પહેલાં આપણી ભીતર.**

-૦-૦-૦-

# ૨૫ મી પુણ્યતિથિએ શ્રદ્ધાના સુમન - માતૃવંદના







## સ્વ. લાભકુંવરબેન ભગવાનજી મહેતા

**અરિહંતશરણ: ફાગણ સુદ-૧, મંગળવાર તા.૭-૩-૨૦૦૦,**

**મુળ વતન : જુનાગઢ હાલ : બોરીવલી - મુંબઈ**

તમારા કારણે અમે અમારા જીવન માં સફળ થયા છિએ.
તમે અમને છોડીને ચાલ્યા ગયા અમે આજે પણ તમારા બતાવેલા માર્ગે છિએ.
આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
સ્મરણ તમારુ થાય છે અમને, મન મુકીને રડાવે છે અમને,
રડતા રડતા અશ્રુઓ ખુટે છે. તમારી યાદ માં આંસુ રોકી શકતા નથી,
અંજલી આપતા શબ્દો ખુટે છે, પુષ્પાંજલી આપતા પુષ્પો ખુટે છે.
શ્રધ્ધાંજલી અર્પવા ઉપાડી કલમ, આંસુ થી ભિંજાઈ ગયા કાગળ.
તમે હંમેશા અમારા હ્રદય માં રહેશો.તમારો લાગણીશીલ સ્વભાવ ક્યારેય ભુલાશે નહી
પ્રભુ આપણા દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારા સહપરિવારની અંતર થી પ્રાર્થના.

પુત્ર-પુત્રવધુ: વિનોદ -નયના, પૌત્ર- પૌત્રવધુ: આશિષ –ચાંદની પૌત્રી-જમાઈ: સોનલ-વિશાલ
પ્રપૌત્રી-પ્રપોત્ર: વીયોના - માહિત દોહિત્ર: ક્રિશ

પુત્ર-પુત્રવધુ: સુરેશ-જયશ્રી પૌત્ર-પુત્રવધુ: ભાવિન-કિંજલ પૌત્ર-પુત્રવધુ: જીમીત-કૃપા
પ્રપોત્ર: રિયાન પ્રપૌત્રી-વિયા **પૌત્ર - પવીત**
દીકરી-જમાઈ: પુષ્પાબેન નવનીતરાય વસા.

**તથા**

**સમસ્ત મહેતા પરિવાર**

**સૌજન્ય :** Elegance Realty, Borivalli, Mumbai

Kayami

With Best Compliments From

# Jayesh Ramniklal Vasa

## *Mahendrakumar & Co.*
## *Vasa Brothers*

**Distributors of Dyes, Chemical & Solvents**

319, Himalaya House, 79 Palton Road, Ramabai Ambedkar Road,
Mumbai - 400 001.
Tel.: (022) 2261-2314 / 2407-6968. Mob.: 98210 16889
Email : vasabrothers2@gmail.com

---



*With Best Compliments From*



# Sunil Ramniklal Vasa

## SUNIL CONSTRUCTION Co.

ENGINEERS AND CONTRACTORS



**611 / 612, 6 th Floor, Swastik Chambers,**
**S G Barve Marg, Swastik Park, CST Road,**
**Chembur (East). Mumbai-400071.**
**Tel: +91 - 22- 23513141 / MO: +91-9870595965**
**Email: sunil.vasa@sunilconstruction.in**


Vinod Sheth
9619838210
ECOM
ECOM Security System
Nikunj Sheth
9594220225
BNI
Our Services
HIKVISION
PRAMA
Secureye
alhua
TECHNOLOGY
CCTV Servillance system
Access Control system
Time & Attendence system
Computer System
Intrusion System
Fire Alarm system
Boom Barrier
PA System
EPBX System
FIRE
BREAK GLASS
PRESS HERE
9321147132
nikunj.ecss@rediffmail.com
Address :-Shop No.9, Building No. C-13/14, Poonam Nagar, Opposite RNA
Courtyard, Phase 3, Miraroad East 401107

Vinod Sheth
9619838210
Mehul Sheth
9773445770
Milestone Shares and Securities
Services
Equity
Currency
Commodity
IPO
Mutual Fund
9773445770
Milestone.sec205@gmail.com
Address :-C 613 Lancelot building ,opposite Kalyan jewellers , above Sahara
Sagar Hotel, S V Road, Borivali West Mumbai-400092

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

Birla Sun Life
Mutual Fund

# MUKTABEN VRAJLAL MEHTA PARIVAR

## VRAJLAL BECHARDAS MEHTA CHARITABLE TRUST

**Mr. Jayant Vrajlal Mehta**
**Mrs. Shobhana J. Mehta**

### AUTHORISED AGENT OF

- Life Insurance Corporation Of India
- General Insurance Corporation of India
- AMFI Certified advisors for all Mutual Funds
- Companies Fixed Deposits, GOI Saving Bonds
- Public Issue of Shares & Debentures
- Real Estate & Tax Free Bonds

SBI

kotak

ICICI PRUDENTIAL
LIFE INSURANCE

**Residence :**
Flat No. A-601/602, Sai Darshan,
Dr. M. P. Vaidya Marg, Tilak Road,
Ghatkoper (E), Mumbai – 400 077

**Office :**
11, Bhaveshwar Market, Ground Floor,
M. G. Road, Next To Gandhi Market,
Ghatkoper (E), Mumbai – 400 077
M. 98690 25674

Jayant : 98200 25674
98190 00504
Aeketa : 98203 52829

Shobhana : 98209 25674
Trupti : 98199 71213
Hetal : 99304 44696

# કર્મનું ફળ

- એચ.આર. દિવ્યેશ સંઘાની

## ''આપણા કર્મો જ આપણને સારા અને ખરાબ માણસ બનાવે છે. હમેંશા દુષ્ટ કર્મોના ડંખથી હમેશા સુરક્ષિત રહો''

એક ચિત્રકાર હતો જે ખૂબ જ અદ્‌ભુત ચિત્રો બનાવતો હતો અને બીજા બધા જ લોકો તેના પેઇન્ટિંગની પ્રશંસા કરતાં હતાં.

એક દિવસ કૃષ્ણ મંદિરમાં ભગવાન શ્રી કૃષ્ણ અને મથુરા નરેશ કંસ વધનો સત્સંગ ચાલતો હતો. તેમાં વાતો વાતોમાં ભક્તોએ ચિત્રકાર પાસેશ્રી કૃષ્ણ અને કંસનું ચિત્ર બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી. ચિત્રકાર સંમત થયો, છેવટે તે ભગવાનનું કામ હતું, પરંતુ તેણે કેટલીક શરતો મૂકી. તેણે કહ્યું બાલ કૃષ્ણના ચિત્ર માટે એક નટખટ અને તોફાની બાળક અને કંસની જેમ ક્રુર વલણ ધરાવતી વ્યક્તિને મારી સામે બેસાડો. મારે જેવા પાત્રો જોઇએ છે તેઓને લાયક પાત્રો જો મળી જશે તો હું સરળતાથી તેને દોરી શકીશ.

તેમાંથી કેટલાંક ભક્ત નાના બાળકોને ત્યાં લાગ્યા અને ેતે એક સુંદર અને નટખટ બાળકને શ્રી કૃષ્ણના પાત્ર માટે પસંદ કરવામાં આવ્યું. ચિત્રકારે તે બાળકને શ્રી કૃષ્ણનો પોશાક પહેરાવી તેની સામે બેસાડી અને બાળક કૃષ્ણનું સુંદર ચિત્ર બનાવ્યું. જે આબેહુબ શ્રી કૃષ્ણ જાણે આપણી સામે બેઠા હોય અને હમણાં જ આપણી સાથે વાત કરશે તેવું લાગી રહ્યું હતું. બધા લોકોએ તે ચિત્રકારની ખૂબ જ પ્રસંશા કરી.

હવે કંસનો વારો હતો પણ ક્રુર ભાવના ધરાવતી વ્યક્તિ શોધવી થોડી મુશ્કેલ હતી. જે વ્યક્તિ કૃષ્ણ મંદિરના લોકોને ગમતી હતી, તે ચિત્રકારને ગમતી નહોતી, તેને તે અભિવ્યક્તિઓ મળી રહી ન હતી. વાત અધૂરી તસવીર સાથે આવી છે. આમ જ સમય પસાર થતો જાય છે. વર્ષો પછી, જયારે મંદીરના પૂજારી અને ચિત્રકાર સામસામે આવ્યા, ત્યારે પૂજારીએ ચિત્રકારને અધૂરું ચિત્ર પૂર્ણ કરવા વિનંતી કરી, ચિત્રકાર સંમત થયો, પણ પછી એવું જ થયું, કંસ જેવું કોઇ પાત્ર મળ્યું નહીં. આખરે, વર્ષોના થાક પછી, હવે તે ચિત્રકારને પેલા પુજારી જેલમાં લઇ ગયા, જયાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ગુનેગારો હતા. કદાચ અહિં કોઇ ઇચ્છિત પાત્ર અહીં મળી શકે. ચિત્રકારને પેલા ગુનેગારોમાંથી એક વ્યક્તિ ગમ્યો અને તેને સામે બેસાડીને તેણે કંસનું અધુંરુ ચિત્ર બનાવ્યું. કૃષ્ણ અને કંસનું એ ચિત્ર આજે વર્ષો પછી પૂર્ણ થયું હતું. તે તસવીર જોઇને કૃષ્મ મંદિરના બધા જ શ્રી હરી ભક્તો મંત્રમુગ્ધ થઇ ગયા હતા.

ચિત્રકારની આવી પ્રસંશા સાંભળીને અંતે તે ગુનેગારે પણ તે ચિત્ર જોવાની ઇચ્છા વ્યક્ત કરી. જયારે તે ગુનેગારે તે ચિત્ર જોયું ત્યારે તે અચાનક રડી પડયો. આ જોઇને બધા આશ્ચર્યચકિત થઇ ગયા. ચિત્રકારે તેને કારણ પૂછ્યું, પછી ગુનેગારે કહ્યું ''કદાચ તમે મને ઓળખ્યો નથી, હું એ જ બાળક છું જેને તમે વર્ષો પહેલા બાલકૃષ્ણની તસ્વીર માટે પસંદ કરી હતી. આજે હું મારા કુકર્મોને કારણે અહીં જેલમાં બંધ છું અને તમે મને કંસના પાત્ર માટે તમારી સામે બેઠો છું, આ ચિત્રમાં હું કૃષ્ણ છું અને હું જ કંસ છું.''

'ભગવદ્ ગીતા'માં શ્રીકૃષ્ણ આ બાબતે સરસ વાત કહે છે. શ્રીકૃષ્ણ કહે છેઃ 'જયારે બ્રહ્માએ માણસ બનાવ્યો ત્યારે તેના માટે માત્ર સુખની રચના જ કરી હતી. સર્વપ્રથમ ઇશ્વરે માણસને બનાવ્યો ત્યારે તેના ભાગ્યમાં કોઇ દુઃખની રચના કરી જ ન હતી. સો વર્ષના આયુષ્ય સાથે માણસને સર્વ પ્રકારે સુખી બનાવ્યો હતો. સ્વર્ગ સિવાય નર્કની કોઇ રચના ન હતી અને કલ્પના પણ ન હતી. બ્રહ્માએ માણસને ફક્ત એટલું કહ્યું કે તમે પરસ્પર પ્રમેથી રહો અને મજા કરો.'

ભાગ્યવિધાતાએ કોઇના ભાગ્યમાં દુઃખ નહોતું રચ્યું. પરંતુ કર્મનો અધિકાર ધરાવતો માણસ તેનાં કર્મોથી જયારે વિવિધ પાર કરવા લાગ્યો ત્યારે કર્મોની વ્યવસ્થાને સાચવવા ઇશ્વરે જ દુઃખની રચના કરવી પડી.

આપણા કાયદાઓ પણ કંઇક આવું જ કરે છે. આપણી સંસદે બંધારણથી નાગરિકને વાણી સ્વાતંત્ર્ય વગેરે જેવા અનેક અધિકારો આપેલા છે. પાછા તે જ અધિકારોને કાયદાથી બાંધીને દંડ અને સજાની જોગવાઇ પણ કરવી પડી છે. કર્મની વ્યવસ્થા ખાતર આમ કર્યા વગર કોઇ છૂટકો નથી.

લંડનમાં પ્રવચન આપતી વેળાએ સ્વામી રામતીર્થને કોઇએ પૂછયુંઃ 'જયારે માણસ પાપ કરે છે, સમાજમાં અંધાધૂધી અને આક્રંદ ફેલાવે છે ત્યારે ઇશ્વર શું કરે છે ? તે કોઇને અટકાવતો કેમ નથી ?' રામતીથર્એ ટૂકો જવાબ આપતા કહ્યુંઃ 'ત્યારે ઇશ્વર તેવા લોકો માટે નર્ક બનાવવામાં બિઝી હોય છે.' સ્વામી રામતીર્થનો જવાબ ખૂબ જ માર્મિક છે. ભગવાને માણસને કર્માધિકાર આપ્યો છે, ફલાધિકાર નથી આપ્યો. કર્મ જેને જે કરવું હોય તે કરે. ઇશ્વર તે

કર્મનું ફળ આપનારો છે. એક તરફ માણસ કર્મ કરે છે, બીજી તરફ ઇશ્વર તેના ફળનું નિર્માણ શૂર કરે છે.

વરસાદના ટીપેટીપે જમા થયેલા જળથી જે સરોવર ભરાય છે. જે ક્ષમતા સરોવરની છે તે વરસાદના પાણીમાં નથી, પરંતુ વરસાદના ટીપેટીપાની અવગણના કરીને કોઇ સરોવર નિર્મિત નથી થયું. વરસાદના બંદ-બુંદને જેણે પોતાના ઉદરમાં સમાવવાનો સહારો આપ્યો છે તે જે સરોવર બની શકે છે.

મ્યુનિસિપાલિટીની લાઇટના અજવાળે વાંચીને પોતાની સ્કૂલ-ફી ભરવા માટે દિવસે રામેશ્વરની સડકો ઉપર છાપાં વેચનારો યુવાન તેના કઠોર પરિશ્રમરૂપી કર્મના ફળરૂપે આ દેશનો મહાન સાયન્ટિસ્ટ અને રાષ્ટ્રપતિ ડૉ.અબ્દુલ કલામ બની શકે છે.

ખભા ઉપર એક બગલથેલો લઇને ૩૦-૩૫ વર્ષ સુધી આર.એસ.એસ. ના કાર્યકર રૂપે એક ઉચ્ચ ચિંતન-મનન સાથે પરિભ્રમણ કરનારો એક સામાન્ય કાર્યકર કે જેના રોટલા અને ઓટલાનું પણ નિશ્ચિત ઠેકાણું ન હતું તે આ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બની શકે છે.

મહુવાના તલગાજરડા ગામથી ચાલીને મહુવા નિશાળે જતો એક નિમ્બાર્ક સાધુનો બાળક તો દાદાએ શિખવાડેલી ‘રામચરિતમાનસ’ની પાંચ-પાંચ ચોપાઇઓ કંઠસ્થ કરીને વિશ્વિવખ્યાત કથાકાર મોરારિબાપુ બની શકે છે.

પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ ભરનારો નોકર ધીરૂભાઈ અંબાણી તેના કઠોર પરિશ્રમથી રિલાયન્સ જેવી મોટી પેટ્રોકેમિકલ્સ કંપનીનો માલિક બની શકે છે. તો મહારાષ્ટ્રના જલગાંવ ડિસ્ટ્રિક્ટના એક ગાડામાં ધંધો ચલાવનાર મુસ્લિમનો દીકરો અઝીમ પ્રેમજી ભારતની મોટી ગણાતી કંપનીઓ પૈકીની એક એવિ ‘વિપ્રો’ કંપનીનો માલિક થઇ શકે છે.

એક સામાન્ય ખેડૂતનો દીકરો અને બી.એસ.સી. (કેમેસ્ટ્રી) થયેલો યુવક જે જાતે વોશિંગ પાઉડર બનાવીને અમદાવાદની ગલીગલીમાં સાઇકલસવાર ફેરિયો બનીને ફરતો હતો તે નિરમા વોશિંગ પાઉડર કંપનીનો માલિક કરશનભાઈ પટેલ થઇ શકે. કોઇ હેન્રી ફોર્ડ, રોકફેલર, અબ્રાહમ લિંકન કે કોઇ બિલ ગેટ્સ જેવા સેંકડો લોકોની કર્મગાથાઓ બતાવે છે કે કર્મોની યથાયોગ્ય પૂજા કરનાર જ સારા ભવિષ્યનું નિર્માણ કરે છે.

કોઇ આ જન્મમાં જ ફળ મેળવતા દેખાય છે, તો કોઇ બીજા જન્મે ફળ મેળવે છે. આખર કર્મો જ જમા થઇને ભાગ્યરૂપ બને છે. માણસ આજે જે છે. કાલે જે હતો અને આવતી કાલે જેવો હશે તે તેના કર્મનું જ એક રૂપ છે. શ્રીકૃષ્ણ તો ત્યાં સુધી કહે છે કે માણસે તેનાં કર્મો જ યથાયોગ્ય કરવાં જોઇએ, કારણ કે મનુષ્યનું ભાગ્ય પણ તેના કર્મોને જ અનુસરે છે.

# પેટની ભૂખ

એક ભીખારીની એક નબળી આદત કોઇ ઓછી રોટલી આપે તો ઝગડો કરે, બધાં કંટાળી ગયા પણ ગરીબ એટલે બધા જતું કરતા.

એક દિવસ એ રમાબેન જોડે એટલો ઝગડયો કે આખીયે શેરી ભેગી થઇ ગઇ...

આજ અશોકભાઇનું મગજ તપેલું હતું તું સમજે છે શું ? દયા ડાકણને ખાય, જે મળે એ એમાં સંતોષ રાખ, બસ એ મૂંગામોઢે સાંભળી રહ્યો હતો, એના કપડામાં ઓછામાં ઓછી બસ્સો રોટલીઓ હતી.

બધા કહેવા લાગ્યા જરૂર આ રોટલીઓ વેચીને રોકડી કરે છે..!! બધા જેમ ફાવે તેમ બોલતા હતા, અને એ આકાશ સામે જોતો હતો..!!

ત્યા માધવકાકા નીકળ્યા એમણે આ તમાશો જોયો. વિચાર આવ્યો કે આની પાછળ કશું રહસ્ય છે. બસ્સો રોટલી છે છતાં વધારે લેવા ઝગડે છે, એની તપાસ કરવી જરૂરી છે એમને એમના નોકરના કાનમાં કંઇક કહ્યું, નોકર સમજી ગયો.

માધુકાકાએ બધાને સમજાવીને શાંત પાડ્યા અને ભીખારી પોતાનો બચકો લઇ ચાલતો થયો.

એની પાછળ માધુકાકાનો નોકર છુપી રીતે ચાલવા લાગ્યો હવે એ અવલનો રોડ છોડી ઝુંપડપટ્ટી બાજુ ચાલ્યો. ત્યાં તો કેટલાક છોકરાઓ દોડતા આવ્યા, રામુકાકા આવ્યા.. રામુકાકા આવ્યા..!!

એ નીચે બેઠો, થેલો ઉતાર્યો, એમાંથી એક એક રોટલી એ છોકરાને દેવા લાગ્યો, છોકરાના ચહેરાનું સ્મિત એના ચહેરાને હિંમત આપતું હતું, હવે માધુકાકાનો નોકર એના ઝધડાનું કારણ સમજી ગયો, એ પોતા માટે નહીં પણ ગરીબના બોળકોના પેટ ઠારવા ઝગડો કરતો હતો, હવે માધુકાકાનો નોકર એની પાસે ગયો, અને ધન્યવાદ આપ્યા ત્યારે એટલું જ બોલ્યો, આ છોકરાંના મા-બાપ આખો દિવસ મજુરી કરવા જાય છે અને સાંજે આવે છે ત્યાં સુધી એ ભુખ્યા રખડતા.

સાહેબ હું બહુ નાનો માણસ છું પાછો ભીખારી છું હું અન્ન ક્ષેત્ર તો ના ચલાવી શકું પણ આટલું કરું તો પણ ઘણું છે. ત્યાં નાની છોકરી એની ગોદમાં બેસી ગઇ એ એને રોટલી ખવડાવવા લાગ્યો.

નોકર માધુકાકા પાસે ગયો માંડીને પૂરી વાત કરી, માધુકાકા આશ્ચર્યથી નોકરને જોઇ રહ્યા..!! અને બોલ્યા ઘણીવાર મને આખો દિવસ ખાવા નહોતું મળતું એ ‘પેટની ભૂખ’ શું હોય છે એ મને ખબર છે.

અને બીજા દિવસથી માધુકાકાએ દાલ રોટલીની નાનકડી લારી કાયમ માટે ઝુંપડપટ્ટીમાં ચાલુ કરી, પણ નવાઇ એ હતી કે પેલો ભીખારી હવે ભીખ માગવા ન્હોતો આવતો..!!

એક દિવસ બધું છોડીને જવાનું જ છે, માત્ર જિંદગીમાં કરેલ એકાદ સત્કર્મ જ સાથે આવવાનું છે હરી ઓમ તત્સત્

**- લેખન ક્રેડિટઃ અનિલ પંડ્યા (પાટણ)**

**સંકલનઃ આવકાર**

# આપને જોયાં હતા પલવાર મેં કે નિરાલી જોઈતી તલવારને...

**- રણમાં ખીલ્યું ગુલાબ - ડૉ. શરદ ઠાકર**

અમે જઇએ પછી આ કાગળ ધ્યાનથી વાંચી જજો. એમાં ફકત એક શરત લખેલી છે. પણ એનો સ્વીકાર કરવો તમારા માટે ફરજિયાત છે. 'તમારી દીકરી મને પસંદ છે.' કન્યાને જોવા માટે આવેલા ઉન્મત્તે ઘરમાંથી વિદાય લેતી વખતે જાહેર કર્યું તે સાથે જ દીકરીનાં મા-બાપના ચહેરા પૂનમનાં ચાંદની જેમ સોળ કળાએ ખીલી ઉઠયા. 'પણ સંબંધ પાકો કરતાં પહેલાં તમારે મારી એક શરત માનવી પડશે.' ઉન્મત્તે ગંભીરતાપૂર્વક કહ્યું. કન્યાના પિતા દયાશંકર દહેજની કલ્પના માત્રથી ઢીલા પડી ગયા, પણ કન્યાની મા કામિનીબહેન ઉત્સાહમાં હતાં, તે બોલી ગયાં, 'એક નહીં, તમે કહેશો તો એક હજાર શરતો માની લઇશું. એમાં શું થઇ ગયું! અમે કંઇ સાવ ગરીબ થોડાં છીએ? અને અમારી દીકરીને આઇ.એ.એસ. થયેલો વર મળતો હોય તો અમે બી જાનને છાજે એવો ખર્ચ..' ઉન્મત્તે એક ગડી વાળેલો કાગળ કાઢીને ભાવિ શ્વસુરના હાથમાં મૂકી દીધો, 'અમે જઇએ તે પછી આ કાગળ ધ્યાનથી વાંચી જજો. એમાં એક હજારને બદલે ફક્ત એક શરત લખેલી છે, પણ એનો સ્વીકાર કરવો તમારા માટે ફરજિયાત છે. અમારા ઘરનો ફોન નંબર તમારી પાસે છે જ. જો મારી શરત તમને મંજૂર હોય તો એક ફોન કોલ કરી દેજો.' ઉન્મત્ત ઊઠ્યો એની સાથે એનાં મમ્મી-પપ્પા પણ જવા માટે ઊભાં થયાં.



દયાશંકરના ઘરમાં હરખનું વાવાઝોડું ફૂંકાઇ ગયું. 'તન્મયાનાં નસીબ ઊઘડી ગયાં.' એ વાક્ય બોલી-બોલીને કામિનીબહેને ઘર ગજાવી મૂક્યું. આમ તો આજે સાંજે મૂરતિયો પોતાની દીકરીને જોવા માટે આવવાનો હતો એ સમાચાર માત્રથી કામિનીબહેન ફૂલ્યાં સમાતાં ન હતાં. એમની ચાર દીકરીઓમાં તન્મયા સૌથી મોટી હતી અને સૌથી વધારે રૂપાળી હતી. કોઇપણ યુવાનની નજરમાં વસી જાય એટલી ખૂબસૂરત હતી. 'બસ, ચિંતા એક જ વાતની છે કે છોકરો ખૂબ સારું ભણેલો છે. અત્યારે ડેપ્યુટી કલેકટરનું પોસ્ટિંગ મળ્યું છે, પણ જતે દહાડે કલેકટર બનવાનો એ નક્કી છે. આપણી તન્મયા સાદી આર્ટ્સ ગેજ્યુએટ થઇ છે. ભલે દેખાવમાં એ કેટરિના કૈફને ટક્કર મારે તેવી લાગતી હોય, પણ બૌદ્ધિક રીતે કદાચ છોકરાને ઠીક ન લાગે તો એ ના પણ પાડી દે. આ ભણેલા-ગણેલા છોકરાઓ બહુ વાયડા હોય છે. મેં તો અંબાજીની માનતા રાખી છે. જો ઉન્મત્તકુમાર આપણી તન્મયાને પસંદ કરી લે તો હું સગાઇ કરતાં પહેલાં જ અંબાજીનાં દર્શન કરી આવીશ.' સૌથી નાની નૈર્સગીકાએ મજાક કરી 'મમ્મી, અત્યારથી જ ઉન્મત્તકુમાર?' ચુપ બેસ ચીબાવલી! ઉન્મત્ત કુમાર નહીં તો એને શું કહું, ઉન્મત્તિયો? બોલવામાં જરા વિવેક રાખતાં શીખ. એમાંયે આજે સાંજે તો ખાસ. તમારા ચારેયમાંથી કોઇએ હા-હા, હી-હી કે ઠિઠિયારા નથી કરવાનાં. છોકરાવાળાને એવું લાગવું જોઇએ કે આપણે એમની સાથે શોભીએ તેવા છીએ.' સવારથી જ મા અને દીકરીઓ કામે લાગી ગઇ હતી. આખા ઘરની કાયાપલટ કરી નાખી હતી. દયાશંકર એમ તો ખાધે-પીધે સુખી હતા. મોટું પાંચ-છ ઓરડાનું મકાન હતું. હજુ ગયા વરસે જ મકાનને રંગરોગાન કરાવ્યાં હતાં. ચારેય દીકરીઓએ ડ્રોઇંગરૂમને દીવાન-એ-આમ માંથી દીવાન-એ-ખાસ જેવો બનાવી દીધો. ભીંતમાં એકાદ જગ્યાએ જયાં ભેજનું ધાબું દેખાતું હતું ત્યાં કેલન્ડર લટકાવી દીધું. સોફાનાં કવર બદલાવી નાખ્યાં. સ્વાદિષ્ટ ગરમા-ગરમ નાસ્તાની તૈયારી પૂરી કરી દીધી. ચારેય બહેનો બ્યુટી કોન્ટેસ્ટમાં ભાગ લેવાની હોય તે રીતે સજી-ધજીને તૈયાર થઇ ગઇ. બરાબર છ વાગ્યે ગાડી આવીને બારણા પાસે ઊભી રહી. 'આવો! પધારો! કેમ

છો ? ની ફેકમ્ ફેંક પૂરી થઇ. પછી પરિચયની પળોજણ શરૂ થઇ. મૂરતિયાના પિતા મુગટલાલે દીકરા ઉન્મત્તની અને પોતાની ધર્મપત્ની સ્નેહપ્રભાની ઓળખાણ કરાવી ત્યાં કામિનીબહેને કન્યાપક્ષનો હવાલો સંભાળી લીધો, 'આ મારી ચાર દીકરીઓ મેનકા, ઉર્વશી, રંભા અને ભાનુપ્રિયા.' 'કેમ આવાં જુનવાણી નામો રાખ્યાં છે?' આખાબોલા ઉન્મત્તે પૂછી લીધું. કામિનીબેન જોર-જોરથી હસ્યાં, 'તમેય શું, ઉન્મત્ત કુમાર? આ કંઇ મારી દીકરીઓનાં નામો નથી, આ તો સ્વર્ગથી અપ્સરાઓનાં નામો છે. હું કહેવા એ માંગું છું કે મારી દીકરીઓ દેખાવમાં અપ્સરાથી કમ નથી.' 'ઉન્મત્તે એમની આ વાતમાં સંમત થવું જ પડ્યું. ચારેય છોકરીઓ બ્યુટિફૂલ, હોટ અને સેક્સી દેખાઇ રહી હતી. કામિનીબેન હવે અસલ નામ ઉપર આવ્યા, 'આ સૌથી મોટી તન્મયા. આ બીજા નંબરની પારમિતા. આ તન્વાંગી અને આ સૌથી નાની નૈસર્ગિકા. ઉન્મત્તની નજર તન્મયાના ગોરા, નમણા મુખ પરથી સહેજ વાર પૂરતી લસરીને બીજી ત્રણ અપ્સરાઓ પર પડી ન પડી અને તરત પાછી તન્મયા તરફ વળી ગઇ. એ એના હિસ્સાનો ઉજાસ હતો, એના નસીબનો ચાંદ હતો, એના ખિસ્સાનો ખજાનો હતો અને બેશક, એ ફાવી ગયો હતો. નાસ્તા-પાણી ચાલ્યાં. ગપ્પાં-ગોષ્ટિ ચાલ્યાં. આડેધડ સવાલો પુછાયા, અતાર્કિક જવાબો અપાયા. છેવટે કામિનીબેહેને જ કહેવું પડ્યું, 'તમારે બે જણે કંઇ અંગત વાતચીત કરવી હોય તો..' ઉન્મત્ત અને તન્મયા ઊભાં થઇને બાજુના કમરામાં ગયા. પાછળથી પારમિતાએ ટહુકો કર્યો, 'અમે ત્રણ બહેનો સાથે આવીએ?' ઉન્મત્તે વળતો ફટકો માર્યો, 'આવો ને! મને તો ગમશે જ, પણ એટલું યાદ રાખજો કે 'હનિમૂન' વખતે પણ ત્રણેય બહેનોએ સાથ આપવો પડશે.' નાની નૈસર્ગિકાએ ભાવિ જીજુને સંભળાવી દીધું., 'માય ફૂટ! આ કંઇ બાય વન ગેટ ફોરની સ્કીમ નથી ચાલી રહી.'

બધુ બરાબર ચાલતું હતું. કામિનીબહેને આંકેલા નકશા મુજબ જ એક પછીએકદ્રશ્યો ભજવાઇ રહ્યાં હતાં, ત્યાં ઉન્મતે લઘુશંકા માટેની ઇચ્છા થઇ. એણે સ્કૂલટીચરને પૂછતો હોય તેમ જમણા હાથની ટચલી આંગળી બતાવીને તન્મયાને જ પૂછી લીધું, 'ટોઇલેટ કઇ તરફ છે?' તન્મયાએ દિશા ચીંધી આપી, 'એ ઓરડામાંથી બહાર નીકળીને જમણી તરફ પરસાળ છે એમાં છેક છેલ્લા ઓરડા પછી ટોઇલેટ આવે છે.' ઉન્મત્ત એ દિશામાં ચાલતો થયો, હવે એ પરસાળમાં હતો અને પરસાળ પેલી ચાર રાજકુંવારીઓવાળા ઓરડાથી કાટખૂણે પડતી હતી. એટલે એને કોઇ જોઇ શકે તેમ ન હતું. ઉન્મત્ત એની ધૂનમાં હતો, ત્યાં એના કાને કોઇના આછા ડૂસકાનો આવાજ પડયો. એણે ડોકું ધુમાવ્યું તો ડાબા હાથ પરની એક નાની અંધારી ઓરડીમાં એક યુવતી બેઠેલી હતી. જમીન પર ઊભા પગ કરીને બે ગોઠણ પર માથું ટેકવીને એ રડી રહી હતી. 'એક્સક્યુઝ મી! તમે.. તમે કોણ છો એ જાણી શકું?' ઉન્મત્તે ધીમા સ્વરે પૂછ્યું. યુવતી ડરી ગઇ, 'તમે... તમે તનુને જોવા માટે આવ્યા છોને ? તમે મને જોઇ લીધી ? મહેરબાની કરીને મારી મમ્મીને તમે આ વાત કરશો નહીં. એ મને મારી નાખશે. એ મારી સાવકી મા છે. હું આ ઘરની સૌથી મોટી દીકરી .. સુહાની.. મારી મા મરી ગઇ એટલે મારા પપ્પાએ બીજું લગ્ન... હું પણ કુંવારી છું, પણ સૌથી વધુ દેખાવડી છું એટલે મારી મમ્મીએ મને અહીં સંતાડી દીધી છે. એ કહેતી હતી કે મારા નસીબમાં તો કલેકટર જેવો પતિ કયાંથી લખાયો હોય ? જયારે કોઇ પટાવાળો આવશે ત્યારે..' છોકરી હીબકાં ભરવા માંડી. ઉન્મત્તે એના મસ્તક ઉપર હાથ ફેરવ્યો. એનું રૂપાળુ મુખ ઊંચુ કર્યું. પછી ખિસ્સામાંથી રૂમાલ કાઢીને એનાં આસું લૂછ્યાં. પછી દ્રઢ નિશ્ચયાત્મકતાથી કહ્યું, 'સુહાની, હવે રડીશ નહીં. તારા માટે રડવાના દિવસો આજે પૂરા થઇ ગયા. ચાલ, અત્યારે તો જઉં છું, પણ આ ઓરડીનો અંધારના સોગન ખાઇને કહું છું કે હું પાછો આવીશ, દિવસની રોશનીમાં આવીશ. શરણાઇ ને ઢોલના સૂર સાથે આવીશ અને... 'લઘુશંકાનો સમય ઉન્ત્તે એક નાનકડી કાપલીમાં થોડીક લીટીઓ લખવા માટે ફાળવી દીધો. પછી ગડી વાળેલો એ કાગળ ખિસ્સામાં મૂકીને પાછો ફરી ગયો. એની વિદાય પછી કામિનીબહેને કાગળ વાંચ્યો અને મોટેથી ઠૂંઠવો મૂક્યો, 'મારો પિટયો ! આ ઉન્મત્તિયો તો આઇ.એ.એસ. મૂવો છે કે આઇ.પી.એસ. ? પેલી રૂપાળી રાજવણને કોલસાની કોટડીમાં સંતાડી રાખી'તી તોયે એણે શોધી કાઢી. મારુ ચાલે તો ફોન કરીને એને 'ના' જ સંભળાવી દઉં.' પણ જિંદગીમાં પહેલીવાર આજે એનું ન ચાલ્યું. દયામણા દયાશંકરે ઘૂરકીને પત્નીના હાથમાંથી ફોન છીનવી લીધો. નંબર ધુમાવ્યો. પછી નાયગ્રાના ધોધ જેવા ઉછળતા અવાજે પૂછ્યું., 'મુગટરાય!' અમને તમારા દીકરાની શરત મંજૂર છે. બોલો, ગોળધાણા કયારે ખાવાના છે?'

## નમ્ર નિવેદન

સમાજનાં મુખપત્ર માં સંસ્થા સમાચાર, જાહેરાત તથા શ્રધ્ધાંજલી દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં મોકલવા નમ્ર વિનંતી.

શ્રધ્ધાંજલી જાહેરાત તથા સૌજન્ય દાતાનાં પાનામાં ફેરફાર કરવાનો હોય તેઓએ સુધારો વ્યવસ્થિત રીતે મોકલવાનો રહેશે.

આપણાં મુખપત્રમાં જેઓ મેમ્બર હતાં અને અત્યારે હયાત ન હોય તો તેમની આજીવન સભ્ય મેમ્બરશીપ અને મુખપત્રનું આજીવન મેમ્બરશીપ ઓટોમેટીક કેન્સલ થઇ જાય છે. તો તેમના ફેમેલી મેમ્બર્સ આજીવન સભ્ય ફી રૂા.૧૦૧ તથા આજીવન મુખપત્રની મેમ્બરશીપ રૂા.૨૭૦૦/- ભરી મેમ્બર થઇ જશો તેવી નમ્ર વિનંતી છે.

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈની ત્રી વાર્ષિક સામાન્ય સભા

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની ત્રી વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા.૨૨-૦૨-૨૦૨૫ ના રોજ મુંબઈ ટેક્સટાઈલ મર્ચન્ટસ મહાજન મુંબઈ ખાતે સાંજે ૪.૦૦ કલાકે રાખવામાં આવી હતી. કોરમને અભાવે મુલત્વી રહેલી સભા ૪.૩૦ કલાકે શરૂ કરવામાં આવી હતી. સભામાં ૩૫ સભ્યો ઉપસ્થિત હતા.

પ્રમુખશ્રી કિરીટભાઈએ આજની સભાનું પ્રમુખસ્થાન સંભાળવા માટે શ્રી વિનોદભાઈ જે વસા નું નામ સુચવ્યું હતુ. જેનો હાજર રહેલા સર્વે સભ્યોએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

સભાની શરૂઆત શ્રી જયંતભાઈ દોશીએ નવકાર મંત્રથી કરી હતી. ત્યારબાદ વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભ્યોને માટે એક મિનિટનું મૌન જાળવી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. મંત્રીશ્રી પરિમલભાઈ ભીમાણીએ સહુને આવકારતા એજન્ડા પ્રમાણેની સભાની કાર્યવાહી શરૂ કરી હતી.

**૧) ગત તા.૧૭-૧૨-૨૦૨૧ની મિનિટ્સ પસાર કરવી.**

મંત્રીશ્રી પરિમલભાઈ ભીમાણીએ ગત સામાન્ય સભા તા.૧૭-૧૨-૨૦૨૧ની મિનિટ્સ વાંચી સંભળાવી હતી, સર્વાનુંમતે પસાર કરવામાં આવી હતી.

**૨) વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ ના ઓડિટેડ હિસાબો રજૂ કરી પસાર કરવા.**

સભામાં ઓડિટેડ હિસાબોની કોપીઓ સભ્યોને આપવામાં આવી હતી. સભ્યોના સવાલોના સંતોષકારક જવાબ આપી હિસાબો પસાર કરવામાં આવ્યા હતા.

**૩) વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ એમ ત્રણ વર્ષ માટે ઓડિટરની નિમણૂક તથા મહેનતાનું નક્કી કરવું.**

પ્રમુખશ્રી કિરીટભાઈએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા વર્ષોથી આપણા સમાજના સભ્ય સી.એ. શ્રી વિરેન્દ્રભાઈ વસા સમાજના ઓડિટર રહ્યા છે જે નિઃશુલ્ક સેવા આપી રહ્યા છે. સમાજની કમિટી તેમનો ખુબ ખુબ આભાર માને છે.

ઇનકમ ટેક્સના તેમજ ટ્રસ્ટના કાયદાઓના નવા નવા નિયમોને ધ્યાનમાં લેતા અને આવનાર સમયમાં આપણા ટ્રસ્ટને કોઇપણ જાતની તકલીફ ન થાય તેના માટે પ્રોફેશનલ ટેક્સ એક્સપર્ટ જે ખાસ ટ્રસ્ટના દરેક કાયદાથી વાકેફ હોય તેવા કોઇ ઓડિટરની નિમણૂક કરીએ. સમાજ એના કામ માટે ફી પણ આપે. થોડી ચર્ચા વિચારણા બાદ આનો નિર્ણય નવી કારોબારી કમિટી પર છોડવામાં આવ્યો હતો.

**૪) આગલા ત્રણ વર્ષ માટે નવી કારોબારીની રચના કરવી.**

સમાજના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ મહેતાએ સભાને કહ્યું કે વર્તમાન કારોબારીએ ખુબજ સુંદર કામ કર્યું છે તો આવતા ત્રણ વર્ષ માટે એજ કારોબારી પુનઃ કાર્યરત રહે અને બીજા હાજર રહેલા સભ્યોએ પણ તેની વાત ને વધાવી લીધી.

પ્રમુખશ્રીએ જણાવ્યું હતું તે વર્તમાન કારોબારીમાંથી એક સભ્ય અવસાન પામ્યા છે અને બાકીના ત્રણ સભ્યો સભામાં હાજર નથી. એ રીતે નવા ચાર સભ્યોની નિમણૂક કરવાની રહેશે. તેમણે ચાર નામો સૂચવ્યા હતા અને સભાની મંજૂરી માગી હતી. અગર આ ચાર સિવાય કોઇ સભ્યની ઇચ્છા હોય તો જણાવે. સભાએ પ્રમુખશ્રીએ સૂચવેલા નામોને મંજૂરી આપી હતી. આ રીતે નીચે મુજબની કારોબારીની આવતા ત્રણ વર્ષ ૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮ માટે સર્વાનુમતે રચના કરવામાં આવી હતી.

૧) શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા, ૨) શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા, ૩) શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી, ૪) શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા, ૫) શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી, ૬) શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી (જયુભાઈ), ૭) શ્રી કિર્તીભાઈ રસિકલાલ વસા, ૮) શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા, ૯) શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા, ૧૦) શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા, ૧૧) શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા, ૧૨) શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા, ૧૩) શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા, ૧૪) શ્રી મેહુલભાઈ વિનોદરાય શેઠ, ૧૫) ડો. ધર્મેશભાઈ રસિકલાલ વોરા.

**૫) પ્રમુખની મંજૂરીથી જે રજુ થાય તે.**

પ્રમુખશ્રી કિરીટભાઈએ જણાવ્યું હતું કે સમાજના બંધારણમાં થોડા ફેરફારની જરૂર છે જે કારોબારીના સભ્યોના અને સમાજના સભ્યોના સૂચનો પર વિચાર વિમર્શ કરી નિર્ણય લેવામાં આવશે.

અંતમાં મંત્રીશ્રી પરિમલભાઈ ભીમાણીએ આજની સભાના પ્રમુખશ્રી વિનોદભાઈ જે વસાનો સભાનું અત્યંત સુંદર રીતે સંચાલન કર્યું તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સભામાં ઉપસ્થિત રહેલા સભ્યોનો સભામાં હાજર રહેવા બદલ અને સભાની કાર્યવાહીમાં સક્રિય ભાગ લીધો તે બદલ તેમનો આભાર માન્યો હતો. સહુને અલ્પાહારને ન્યાય આપવાનું કહી સભા બરખાસ્ત કરી હતી.

જૂની તથા નવરચિત કારોબારીની સંયુક્ત બેઠક ગુરૂવાર તા.૨૭-૦૨-૨૦૨૫ ના રોજ સાંજે ૬.૩૦ કલાકે સમાજની ઓફિસમાં રાખવામાં આવી હતી. હાજર રહેલા સભ્યોએ સર્વાનુમતે વર્ષ ૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭ અને ૨૦૨૭-૨૮ માટે નીચે મુજબ હોદેદારોની નિમણૂક કરી હતી. ૧) શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા-પ્રમુખ, ૨) શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા-ઉપપ્રમુખ, ૩) શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી-મંત્રી, ૪) શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા-મંત્રી, ૫) શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા-ખજાનચી.

પ્રમુખશ્રીએ વિદાય લઇ રહેલા સભ્યોનો તેમની સેવાઓનો ઉલ્લેખ કરી આભાર વ્યક્ત કર્યો હતો અને નવા સભ્યોને આવકાર્યા હતા.

**માનદ મંત્રીઓ**

**શ્રી પરિમલ ભીમાણી** **શ્રી સંજય મહેતા**

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મહિલા મંડળ - બોરીવલી

આપણા મંડળનો આ વર્ષનો છેલ્લો પ્રોગ્રામ તા.૧૩-૦૧-૨૦૨૫ ના રોજ શાંતિનગર હોલ ખાતે બપોરે ૨ વાગ્યે આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામની થીમ 'લગ્નોત્સવ' રાખવામાં આવ્યો હતો. જેને સંગીત સુરાવલી સાથે ગમ્મત કરતા કરતા સહુ બહેનોએ માણ્યો.



બહેનોને લગ્નોત્સવ માણવા માટે જયારે આમંત્રણ અપાયું હતુ ત્યારે સાથે જ લગ્નોત્સવને અનુરૂપ ફેન્સી ડ્રેસમાં ભાગ લઇ તે પ્રમાણે સરસ તૈયાર થઇને આવવા માટે જણાવવામાં આવ્યું હતું જેમાં ૩ ઇનામો જાહેર કરાયા હતા.

દરેક મેમ્બર બહેનો ખૂબ જ સરસ રીતે લગ્નોત્સવને અનુરૂપ તૈયાર થઇને ઘરચોળા, પટોળા, બાંધણી તથા ચણીયાચોળીમાં સજ્જ થઇને આવ્યા હતા. જેનાથી આખો પ્રસંગ દીપી ઉઠયો હતો.



કાર્યક્રમની શરૂઆતમાં બહેનોને ૮ ગ્રુપમાં વહેંચી દેવાયા હતા અને દરેક ગ્રુપને લગ્નના પ્રસંગો પ્રમાણે નામ તથા કામ અપાયા હતા. જેમ કે કંકોત્રી લખવાનો પ્રસંગ, સંગીતનો પ્રસંગ, બારાતનો પ્રસંગ, લગ્ન વિધિ, કન્યા વિદાયનો પ્રસંગ વગેરે.

જેમાં ગ્રુપની બહેનોએ પ્રસંગ અનુરૂપ પોતાની પ્રતિભા બતાવી પરફોર્મ કર્યું એકટીંગ કરી, સ્ક્રીપ્ટ લખી, ગીતો ગાયા, અને ખૂબ આનંદપૂર્વક દરેક પ્રસંગને સ્ટેજ પર સાકાર કર્યો જાણે સાચે જ લગ્ન ના પ્રસંગને અંજામ આપી થયા હતા. તેમ સર્વેએ દીલથી ભાગ લઇને પ્રસંગને માણ્યો. લગ્નગીતોથી પુરો માહોલ ગુંજી ઉઠ્યો. આ જોઇને પ્રમુખ શ્રીમતી તુલાબેન મહેતાને આવા નવા થીમના વિચાર લઇને કાર્યક્રમનું આયોજન કરવા બદ્દલ ખૂબ સંતોષનો અનુભવ થયો અને આનંદભેર સહુ કાર્યક્રમમાં આગળ વધ્યા.

આ દરેક ગ્રુપના પરફોમન્સ પ્રમાણે જજ દ્વારા ઇનામો પણ નક્કી કરાયા અને જીતનાર ટીમોને અને ટીમના દરેક મેમ્બરને સારી એવી ગીફ્ટ આપી નવાજવામાં આવ્યા, બહેનોની ટેલેન્ટની કદર કરવા બદલ મંડળે ગર્વ અનુભવ્યો. આપણી મંડળની બહેનોની અંદર કેટલી બધી કલા છુપાઇ છે તે જાણીને ખૂબ આનંદ થયો. સાથે જ જે બહેનો સરસ તૈયાર થઇને આવ્યા હતા તેમાંથી ૩ બહેનોને ઇનામ આપવામાં આવ્યા અને એમનું અભિવાદન કરવામાં આવ્યું.

જેમાં મંડળે પહેલું ઇનામ - શ્રીમતી મીનાબેન ફોફરીયાને મળ્યું, બીજુ ઇનામ શ્રીમતી પ્રીતીબેન ભાયાણીને મળ્યું, તથા ત્રીજુ ઇનામ શ્રીમતી પ્રીતીબેન દીપકભાઈ મહેતાને મળ્યું.

ત્યારબાદ મેમ્બર બહેનાએ ખૂબ આવકારપૂર્વક નવાવર્ષની મેમ્બરશીપ લીધી જેમાં નવા મેમ્બર બહેનો પણ જોડાયા, જુની મેમ્બરશીપ પણ રીન્યુ કરી. નવી મેમ્બરશીપ લેનાર બહેનોને મંડળ તરફથી ગીફ્ટ આપવામાં આવી જે મેળવવાની પણ બધાએ મજા લીધી.

નવા વર્ષની મેમ્બરશીપ જેમને લેવાની બાકી રહી હોય તે મંડળના કમીટી બહેનોનો સંપર્ક કરે. નવા વર્ષના પ્રથમ પ્રોગ્રામ તરીકે ગુજરાતી પીકચર ''ઉંબરો'' બતાવવાનું આયોજન તા.૩ ફેબ્રુઆરીના રાત્રે કરવામાં આવ્યું હતુ જેમાં બહેનાને કપલમાં આવવાનું આમંત્રણ મંડળે આપ્યું. સૌએ પોતાના ફેમીલી સાથે આ પ્રોગ્રામ માણ્યો હતો.

નવા વર્ષનો બીજો પ્રોગ્રામ જલ્દી જ આયોજિત થશે જેમાં નાટકનું આયોજન મંડળ કરનાર છે. તો જેને મેમ્બરશીપ લેવાની બાકી હોય તે જલ્દીથી કમીટી બહેનોનો સંપર્ક કરી લઇ શકે છે.

આ પ્રોગ્રામ દરમ્યાન એ.જી.એમ. મીટીંગને અનુલક્ષીને બહેનોને કમીટીના ઇલેકશન માટે આમંત્રણ આપવામાં આવ્યું. જેના પ્રતિસાદરૂપે દરેકે બહુમતીથી ફરીથી આ જ કમીટી આ જ મેમ્બરો જોડે પાછો કાર્યભાર સંભાળે એવી દરખાસ્ત પાસ કરવામાં આવી. પ્રમુખ શ્રીમતી તુલાબેન મહેતા તથા કમીટીએ આ દરખાસ્તને વધાવી લીધી.




ત્યારબાદ સેક્રેટરી શ્રીમતી કવિતાબેન મહેતાએ ગત બે વર્ષ દરમ્યાન મંડળે આપેલ કાર્યક્રમોની ઝલકની ઝાંખી આપી.

તથા ગયા બે વર્ષ દરમ્યાન મંડળે જે મેમ્બરોને ગુમાવ્યા તેમને માટે બે મિનિટનું મૌન પાળીને શ્રધ્ધાંજલી આપવામાં આવી. મેમ્બર બહેનો કોઇના જન્મદિવસ કે લગ્ન દિવસની વર્ષગાંઠ નિમિત્તે તો કોઇ ઘરના વ્યક્તિના જન્મદિન નિમિત્તે, પૌત્ર કે પૌત્રીના પાસ થવા બદલ, તપસ્યા નિમિત્તે કે કોઇના આત્મશ્રેયાર્થે મંડળને યાદ કરીને ભેટ લખાવી જેમનો મંડળ હ્રદયપૂર્વક આભાર માને છે.

આ આખાય લગ્નપ્રસંગને તથા લગ્નગીતોને પુરી રીતે આનંદપૂર્વક સહભાગી થઇને માણવાના એક સ્તંભરૂપે જમણ તો અવશ્ય હોય જ. તે વાતને ન્યાય આપતા બહેનોને સ્વાગત સમયે ડ્રાયફ્રુટ આપી અને અંતમાં ચોવિહાર કરાવતા જમણનો આનંદ લઇને ન્યાય આપ્યો. પ્રસંગને મહાલીને નવાવર્ષમાં નવા કાર્યક્રમમાં જોડાવાની ઇચ્છા સાથે સૌ છૂટા પડયા.

**પ્રમુખ**
**શ્રીમતી તુલાબેન મહેતા**

| ઉપપ્રમુખ | સેક્રેટરી |
|---|---|
| શ્રીમતી દિપ્તીબેન માજની | શ્રીમતી ફાલ્ગુનીબેન મહેતા |
| | શ્રીમતી કવિતાબેન મહેતા |

## સંસ્થા સમાચાર

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઇ**

**સમાજને ભેટ**

૫૦૦/- વંથલી સોરઠ નિવાસી હાલ ડોમ્બીવલી, શાંતીલાલ મોતીચંદ વસા પરિવાર તરફથી સ્વ.કુસુમબેન શાંતીલાલ વસા ના આત્મશ્રેયાર્થે

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ -મુંબઇ**

**શ્રી તારાચંદ ધનજીભાઈમહેતા તબીબી રાહત ખાતે**

રૂા.૧૦૦૦/- શ્રી પ્રતાપભાઈ જેચંદભાઈ વસા તરફથી તેમના સુપુત્ર સ્વ.પારસભાઈના આત્મશ્રેયાર્થે

**શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ જીવનભાઈ વોરા મેડિકલ ક્રિટીકલ તબીબી રાહત ખાતે**

રૂા.૧૦૦૦/- શ્રી પ્રતાપભાઈ જેચંદભાઈ વસા તરફથી તેમના સુપુત્ર સ્વ.પારસભાઈના આત્મશ્રેયાર્થે

**અનાજ વિતરણ ખાતે**

રૂા.૧૦૦૦/- શ્રી પ્રતાપભાઈ જેચંદભાઈ વસા તરફથી તેમના સુપુત્ર સ્વ.પારસભાઈના આત્મશ્રેયાર્થે

## NEW ADDRESS

**Shri Bhavik Hasmukhbhai Vora**
203, Siddhi Apartment,
Near RBI Employee Colony, Dahanukar Wadi,
Kandivali (West), Mumbai-400067.
Maharashtra. Mob.: 8149643496

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

**ચિંતનની પળે**

# તારી કોઇની વાત સાંભળવી જ નથી ? તારું જ ધાર્યું કરવું છે ?

- કૃષ્ણકાંત ઉનડકટ

**સેવો સુખનું સપનું જીવણ, બીજું મૂકો પડતું જીવણ,**
**સ્થિર થયા તો છે બેડો પાર, મન છે ચંચળ હરણું જીવણ.**

- કમલ પાલનપુરી

માણસ ધીમે ધીમે વાત સાંભળવાની ક્ષમતા ગુમાવી રહ્યો છે. દરેકને પોતાની વાત કરવી છે, પણ કોઇની વાત સાંભળવી નથી. વાત સાંભળવી એ એક કળા છે. જયારે આપણે ધ્યાનથી કોઇની વાત સાંભળીએ છીએ ત્યારે સામેની વ્યક્તિને એવી લાગણી થાય છે કે, આને મારી વાતની કદર છે. મારા શબ્દોનું મૂલ્ય છે. સાંભળવાની કળા ધીમે ધીમે લુપ્ત થતી જાય છે. આપણો સંવાદ કેટલો સજીવન રહ્યો છે ? સંવાદના શ્વાસ રૂંધાઇ રહ્યા છે એટલે આપણો સંવાદ સંકોચાઇ રહ્યો છે. આપણે હવે વાત પણ સામે કોણ છે એ જોઇને સાંભળવા લાગ્યા છીએ. નાના માણસની વાતને આપણે ગંભીરતાથી લેતા નથી. એક બિલ્ડીંગમાં એક વોચમેન હતો. બિલ્ડીંગમાં રહેતા લોકોને દરરોજ સલામ મારે. ગમે એ સમયે આરે, ગેટ ખોલી આપે. બધાની સામે હસીને આવકાર આપે. કેટલાક તો તેની સામે પણ ન જુએ, તો પણ એ સલામ મારે. એક વખત એ મૂંઝવણમાં હતો. બિલ્ડીંગમાં રહેતા એક ભાઈ કાર લઇને આવ્યા. પહેલી વખત તેણે જોયું કે, વોચમેનનું ધ્યાન નથી. તેણે હોર્ન માર્યું અને વોચમેન ઝબકીને ગેટ ખોલવા દોડી આવ્યો. પેલા ભાઈએ કાર અંદર લઇને ઊભી રાખી. વોચમેનને બોલાવીને પૂછ્યું, શું થયું છે ? કેમ અપસેટ છે ? બાકી તો તું ફટ દઇને આવે છે, આજે તારું ધ્યાન નહોતું. કોઇ ટેન્શન છે ? વોચમનની આંખો ભીની થઇ ગઇ. તેણે કહ્યું, હા થોડીક ચિંતા થતી હતી. વતનમાં રહેતી મારી મા બીમાર છે. એની ઉપાધી થતી હતી.




વતન બહૂ દૂર છે. જઇ શકાય એમ નથી. એવો વિચાર આવે છે કે, આવવા-જવામાં જેટલો ખર્ચ થાય એટલો જો માની સારવાર માટે મોકલી દઉં તો વધુ સારું થશે. એ ભાઈએ ખીસામાંથી હજાર રૂપિયા કાઢીને આપ્યા અને કહ્યું કે, જા તું જઇ આવ. વધુ રૂપિયાની જરૂર હોય તો પણ કહેજે. વોચમને ગળગળો થઇ ગયો. તેણે કહ્યું, મારે રૂપિયા નથી જોઇતા, તમે આટલું પૂછ્યું એ જ મારા માટે ઘણું છે. કોઇ તો એવું છે જેણે મારી નોંધ લીધી છે ! રજિસ્ટર રાખીને રોજ આવતાં-જતાં લોકોની હું નોંધ રાખું છું, આજે પહેલી વખત મારી નોંધ કોઇએ લીધી છે. તમારા શબ્દો અને તમારી લાગણી મારા માટે રૂપિયા કરતાં પણ વધુ મૂલ્યવારન છે. તમારી પહેલાં જ એક ભાઈ કાર લઇને આવેલા અને મારા પર તાડૂકેલા કે, તારું ધ્યાન કયાં છે ? તને શું બેસવા મારે રાખ્યો છે ? એ જેમ તેમ બોલ્યા હતા. તમે આવ્યા ત્યારે ને ફડકો પડયો હતો કે, હમણાં તમે પણ મારા પર રાડો નાખશો, એના બદલે તમે મારા ખબર પૂછ્યા. તમારો આભાર. એ માણસે વોચમનને ગળે વળગાડયો અને કહ્યું કે, કંઇ પણ કામ હોય તો કહેજે, કોઇ ચિંતા ન કરીશ.

આ વ્યક્તિ અને વોચમનનો સંવાદ દૂર બેઠેલા એક ભાઈ સાંભળતા હતા. તેમણે કહ્યું કે, તમે સારું કર્યું. તમારી વાત સાંભળીને મને થયું કે, મને કેમ આવો વિચાર ન આવ્યો ? જે આપણું રોજ ધ્યાન રાખે છે એનું આપણે કેટલું ધ્યાન રાખીએ છીએ ? બહારના લોકો તો હજુયે

ઠીક છે, આપણો આપણા પોતાના લોકો સાથેનો સંવાદ પણ કેટલો સ્વસ્થ હોય છે? ઘરમાં પણ લોકો હવે મોબાઇલ જોવામાં રચ્યાપચ્યા રહે છે. વાત કરવી હોય તો રાહ જોવી પડે છે કે, આ ફોન મૂકે તો વાત કરું. વાત કરવા માટે જો રાહ જોવી પડે તો સમજવું કે, સંબંધોમાંથી સત્ત્વ ખતમ થઇ રહ્યું છે. પોતાની વ્યક્તિ સાથે વાત કરવા માટે મોકા શોધવા પડે એના જેવી કરૂણતા બીજા કોઇ નથી. આપણે આપણા લોકો માટે ઓલટાઇમ એવેલેબલ હોવા જોઇએ. જે પોતાના લોકો માટે એવેલેબલ નથી હોતા એ જ એકલા પડી જતા હોય છે કોઇની વાત ન સાંભળી હોય તો એક સમયે આપણી વાત સાંભળવા પણ કોઇ હાજર હોતું નથી. ઘણા લોકો એવી ફરિયાદ કરતા હોય છે કે, કોઇને મારા માટે સમય જ નથી. એક વખત એક સ્વજનને આવું કહ્યું ત્યારે તેણે મોઢામોઢ ચોપડાવ્યું કે, તારી પાસે કયારેય કોઇના માટે સમય હતો ખરો? તું કયા મોઢે કોઇની પાસે અપેક્ષા રાખે છે?

દરેક માણસે એક વાતની કાળજી રાખવી જોઇએ કે,એટલિસ્ટ જે વ્યક્તિ આપણી વાત ધ્યાનથી સાંભળતી હોય તેની વાત તો ધ્યાનથી સાંભળવી જ જોઇએ. આપણે ઘણી વખત આપણી વ્યક્તિ પાસે એવી અપેક્ષા રાખતા હોઇએ છીએ કે, એ આપણી વાત ધ્યાનથી સાંભળે પણ જયારે એ વાત કરે ત્યારે આપણે બહુ કેર કરતા હોતા નથી.

એક પ્રેમી અને પ્રેમિકા હતાં. પ્રેમીની દરેક વાત પ્રેમિકા બહુ ધ્યાનથી સાંભળે. સામા પક્ષે પ્રેમી વાત સાંભળવામાં ધ્યાન જ ન દે. એક મુદ્દે બંને વચ્ચે વિવાદ થયો. પ્રેમિકાની વાત સાંભળ્યા વગર પ્રેમી બોલ્યે જ રાખે. આખરે પ્રેમિકાએ કહ્યું, તારે કોઇની વાત સાંભળવી જ નથી? તારું ધાર્યું જ કરવું છે? એક વાત યાદ રાખજે, તું તારું ધાર્યું જ કરતો રહીશ તો એક સમયે તારા લોકો પણ પોતાનું જ ધાર્યું કરવા લાગશે. તારે કરવું હોય એ કરજે, પણ વાત તો સાંભળવી જોઇએને! જો વાત સાચી ન લાગે તો તમે અસંમત થઇ શકો છો. પણ વાત અવગણીને તો આપણે અળખામણા જ થતા હોઇએ છીએ. એને કયાં કોઇની જરૂર છે, એ તો પોતાને જ ડાહ્યો અને મહાન સમજે છે. એક વાત એ પણ યાદ રાખવાની હોય છે કે, આપણી જિંદગીમાં કેટલાક લોકો એવા હોય છે જે આપણું ભલું ઇચ્છતા હોય છે. આપણું બુરું ઇચ્છતા અને બોલતા લોકોની વાતને આપણે ધ્યાનથી સાંભળતા હોઇએ છીએ, પણ જેને આપણી પરવા છે એની વાતને આપણે સિરિયસલી લેતા નથી.

પ્રેમ, લાગણી અને સંવાદને સીધો સંબંધ છે. પોતાની વ્યક્તિને સમય આપવાનો એક અર્થ એ પણ થાય છે કે, પોતાની વ્યક્તિની વાત સરખી રીતે સાંભળવી.

એક યંગ કપલ હતું. તેને હંમેશાં એવો ડર લાગતો કે, આપણો સંબંધ આવો ને આવો રહેશે તો ખરોને? એક વખત તેનો ભેટો એક વૃદ્ધ કપલ સાથે થઇ ગયો. બંનેએ તેમને પૂછ્યું, તમારા સુખી દાંપત્યનું રહસ્ય શું છે? એમણે કહ્યું, તમે આવ્યા એ પહેલાં તમે જોયું હશે કે અમેબંને અમારી વાતમાં ઓતપ્રોત હતાં. આ જ અમારા દાંપત્યનું રહસ્ય છે. અમે એકબીજાની વાત પૂરી ઉત્કટતાથી સાંભળીએ છીએ. બે જિસ્મ એક જાનની વાત ભલે થતી હોય, પણ એટલું જ મહત્ત્વનું એ છે કે, બે જીભ અને એક સંવાદ. અમે વાત કરીએ ત્યારે એ વાત એની કે મારી નથી હોતી, એ વાત અમારી હોય છે. ભલેને પછી એ વાત કોઇની પણ હોય. એ કહે છે એટલે એ અમારી થઇ જાય છે. જિંદગીમાં એક વ્યક્તિ સાથે સંવાદમાં ઓતપ્રોત થઇ જવાય તો પણ ઘણું છે. તમે બસ એટલું ધ્યાન રાખજો કે, જયારે બેમાંથી એક વાત કરે ત્યારે મોબાઈલ સાઇડમાં રાખી દેજો! અત્યારે થાય છે એવું કે, જયારે બેમાંથી એક વાત કરે ત્યારે બીજાનું ધ્યાન મોબાઇલમાં હોય છે. એ જવાબ આપે તો પણ મોબાઇલમાં જોતાં જોતાં આપશે. જયાં સુધી આંખમાં આંખ પરોવીને વાત થતી નથી ત્યાં સુધી સંવાદ પણ આંધળો અને અધૂરો રહે છે. વડીલની આ વાત સાંભળીને છોકરીને થોડીક મસ્તી સૂઝી. તેણે કહ્યું, એ તો તમારા જમાનામાં મોબાઇલ નહોતાને એટલે! બાકી તમને ખબર પડત! આ વાત સાંભળીને વૃદ્ધ મહિલાએ કહ્યું, હા ત્યારે મોબાઇલ નહોતા, પણ એમને વાંચવાનો સખત શોખ હતો. જયારે હું વાત કરવા જાઉં કે તરત જ એ હાથમાં બુક હોય કે અખબાર, એ સાઇડમાં મૂકી દેતા અને મારી વાત સાંભળતા. જમાનો કેવો હતો એ કયારેય મહત્ત્વનું હોતું નથી, ઇરાદો કેવો છે, પ્રેમ કેવો છે અને એકબીજાની ખેવના કેવી છે એ જ સૌથી વધુ મહત્ત્વનું હોય છે. લોકોમાં ડિસ્ટન્સ વધતું જાય છે એનું એક અને સોથી મોટું કારણ એ છે કે, લોકોએ હવે એકબીજાની વાત સાંભળવાનું ઓછું કરી નાખ્યું છે. સંબંધ સ્વસ્થ રહે એવું ઇચ્છતા હોવ તો સંવાદને સજીવન રાખજો!

છેલ્લો સીનઃ

ચમત્કાર દરેક વખતે થતા નથી, જિંદગીને જીવવા જેવી બનાવવા માટે ઘણી વખત ચમત્કાર કરવા પડતા હોય છે. જેનું મન મક્કમ છે એ જ ચમત્કાર સર્જી શકે છે. હાલકડોલક મન ડુબાડે છે!

- કેયુ (સૌજન્યઃ સંદેશ)



# યુવા વિદ્યાર્થીઓ પોતાના પપ્પાને આદર્શ માને છે અને આદર આપે છે.

- ડૉ. અશોક પટેલ - અમદાવાદ

મનુષ્ય સામાજિક પ્રાણી છે. કારણ કે, તે સમાજમાં રહે છે, સમાજના નિયમોનું પાલન કરે છે, સમાજ દ્વારા પોતાનો વિકાસ સાધે છે, આ દરમિયાન તે અનેક લોકોના સંપર્કમાં આવે છે. તેના વિકાસમાં અનેક લોકોનો ફાળો હોય છે. તો અનેક લોકોના વિકાસમાં તેનો પણ ફાળો હોય છે. આ સમય દરમિયાન એવું પણ બને છે કે બીજાના વર્તનથી પોતે સુખી થાય છે, તો પોતાના વર્તનથી બીજાને સુખી પણ કરે છે. તેનાથી ઉલટું દુઃખ માટે પણ એટલું જ સાચું છે. ત્યારે કયારેક એવું પણ બનતું હોય છે કે, એક વ્યક્તિ બીજાને પોતાની મનોભાવના જણાવવા માગે છે, પણ જણાવી ના શકે. નહિ જણાવવા પાછળના અનેક કારણો હોય છે. તેમાં પણ કોઇનો આપણી પર ઉપકાર હોય અને આપણે મૌખિક તેમનો આભાર માનીએ તેના કરતાં એક પત્ર લખીને જો તેમનો આભાર માનવામાં આવે તો તેની ખૂબ જ ઊંડી અસર થાય છે. કોઇના જન્મદિવસે ફોન કરીને અભિનંદન આપીએ, તેના કરતા પત્ર લખીને અભિનંદન આપીશું તો તેની અસર ખૂબ જ વધારે થશે.

ઉપરોક્ત વિચારો મનમાં ચાલતા હતા. ત્યા એક વિચાર એવો આવ્યો કે, મારા તાલીમાર્થીઓ પાસે તેમના કોઇ આત્મીયજન કે પરિચિતને પત્ર લખાવું કે જેમની અસર તેમના પર ઊંડી છે. જેમાં તાલીમાર્થીઓ પોતાના મનોભાવ વ્યક્ત કરે, કે જે મનોભાવ તેમણે તેમની સામે વ્યક્ત કર્યા નથી. આમ કરવાથી સામાજિક રીતે એવું બનશે કે, પેલા સ્વજનના મનમાં મારા તાલીમાર્થીઓ માટે ખૂબ જ ઊંડો હકારાત્મક ભાવ વધુ પ્રમાણમાં પેદા થશે અને આ બાબત કૃત્રિમ નાં લગતા સ્વાભાવિક લાગશે.

એક દિવસ વર્ગમાં જઇને તાલીમાર્થીઓને જણાવ્યું કે, આજે તમારે એક પત્ર લખવાનો છે. જે પત્ર તમે એવી વ્યક્તિને લખશો કે જેમના માટે તમને માન છે, તમારા જીવન પર તેમની અસર છે. તે વ્યક્તિ તમારા પપ્પા, મમ્મી, કાકા, મામા, મામી કે અન્ય સગાં હોય. અથવા તો શિક્ષક, પડોશી, મિત્ર કે અન્ય ગમે તે હોય. જેમાં તમે તેમને જે કહેવા માંગતા હોય તે લખશો. જે તમે કહ્યું નથી. કયારેક કહેવાનો પ્રયત્ન કર્યો હશે અને કહી શકયા નહિ હોય, કયારેક કહ્યું હશે પણ તેની નોંધ તેમણે નાં પણ લીધી હોય. અંતે તાલીમાર્થીઓએ પત્રો લખ્યા. જેને કોલેજ દ્વારા ટપાલ મારફતે જે તે વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવ્યા.

તાલીમાર્થીઓએ લખેલ પત્રો તેમની મંજૂરી લઇને મેં પણ વાંચ્યા. ત્યારે ખ્યાલ આવ્યો કે, જેમને હું વિદ્યાર્થી માનું છું, તે કેટલા બધા પરિપક્વ છે. તેઓ કેટલું બધું ઊંડું વિચારે છે અને કશુક કરવા માંગે છે. તેઓના મનમાં ચાલતા વિચારો ખૂબ જ નિષ્ઠાથી ભરેલા લાગ્યા. તેઓના મનમાં જે વ્યક્તિ માટે માન છે, તેનો તેઓ કેટલો બધો આદર કરે છે! તાલીમાર્થીઓએ પત્રમાં પોતાના મનોભાવો ખૂબ જ સાહજીકતાથી, સહેજ પણ અતિશયોક્તિ વગર રજૂ કર્યા હતા. જેમાંના કેટલાક મનોભાવો અહીં રજૂ કરું છું.

પ્રથમ બાબત તો એ કે, મોટાભાગના તાલીમાર્થી ભાઈઓ અને બહેનોએ પોતાના પપ્પા પર પત્ર લખ્યો હતો. હા, તાલીમાર્થીઓમાં માટાભાગે બહેનોની સંખ્યા વધારે હતી. અને સમાજમાં જોવા મળે છે કે, છોકરીને પોતાના પપ્પા માટે વધુ લગાવ કે માન હોય છે. પણ છોકરાઓએ પણ પોતાના પપ્પાને પત્રો લખ્યા હતા. ૭૦ ટકા જેટલા પત્રો પપ્પા પર લખાયા હતા જયારે ૧૦ ટકા જેટલા જ પત્રો મમ્મી પર લખાય હતા. આમ 'મા તે મા' ની જેમ 'બાપ એ બાપ' પણ હવે કહેવું જ પડશે. સમાજમાં જેટલું મહત્ત્વ 'મા' ને આપવામાં આવ્યું છે, તેટલું મહત્વ 'બાપ' ને મળ્યું નથી. પણ હકીકત એ છે કે મોટાભાગના યુવાનો કે યુવતીઓ પોતાના પપ્પાને જ આદર્શ માને છે. તેમનો આદર કરે છે અને પોતાના વિકાસમાં તેમને જ મહત્વ આપે છે. તાલીમાર્થીઓએ લખેલ પત્રોમાં અન્ય પાત્રો તરીકે, મિત્ર, શિક્ષક, દાદી, કાકા, ફોઇ વગેરે હતા. જેમાં મિત્ર અને શિક્ષક નું પ્રમાણ વધુ હતું.

કેટલાક પત્રોમાં લખનારે ભૂતકાળમાં થયેલ ભૂલ માટે માફી માંગી હતી. ઘણી બહેનો એ પોતાના પપ્પાને જણાવ્યું હતું કે, પપ્પા મારી ચિંતા ના કરો. હું કશું જ ખોટું નહિ કરું. તમારે સમાજમાં નીચું જોવું પડે તેવું હું કયારેય નહિ કરું વગેરે. આ માટે વચન આપ્યું હતું. પપ્પા પર લખાયેલા મોટાભાગના પત્રમાં પોતાના માટે તેમના પપ્પાએ વેઠેલ મુશ્કેલીથી તેઓ પરિચિત છે તેમ જણાવ્યું હતું. સાથે ઉદાહરણો આપીને સાબિત પણ કર્યું હતું કે, ખરેખર પપ્પા તમે અમારા માટે ઘણું ઘણું કરો છે. એક છોકરીએ તો જણાવેલ કે, પપ્પા હું જાણું છું કે તમે અમારા માટે મજૂરની જેમ કામ કરો છો, તમારા માથે દેવું છે. આ છોકરીએ વચન આપેલ કે, હું મોટી થઇને તમારું દેવું ચૂકતે કરી દઇશ. તમે ચિંતા નાં કરો. મોટાભાગના તાલીમાર્થીઓને પોતાના પપ્પા માટે ગૌરવ છે. તેઓ પોતાના પપ્પાએ તેમના માટે કરેલ પ્રયત્નોથી ખૂબ જ ખુશ છે. તો વળી કેટલાક પપ્પાની સમાજમાં રહેલ આબરુ ને યાદ કરીને ગૌરવ અનુભવે છે. એક છોકરીના પપ્પાનું અવસાન થયેલ. આ છોકરી તેના પપ્પાને પત્ર લખે છે અને જણાવે છે કે તમને ખૂબ જ

યાદ કરું છું. મારે તમને મળવું છે. એક વાર મળો તો ખૂબ જ ઝગડવું પણ છે. તો વળી એક ભાઈએ પોતાના પપ્પાને જણાવેલ કે આપણાં ઘરમાં શું શું ખોટું થઇ રહ્યું છે. જે તરફ ધ્યાન આપવા માટે વિનંતી કરી હતી. સાથે ઘરને આગળ લાવવા કેવા પ્રયત્નો કરવા જોઇએ તે પણ જણાવ્યું હતું. અહી પપ્પાને લખેલ પત્રો ખૂબ જ લાગણીસભર જોવા મળ્યા. સમાજમાં 'મા' કે 'દીકરી' માટે ઘણું લખાયું છે કે સાંભળ્યું છે. પણ પપ્પા માટે એવું થયું નથી. ત્યારે આ પત્રો જણાવે છે કે પારાવાર મુશ્કેલીઓ વેઠી, મૌન બનીને પોતાની ફરજ નિભાવતા આ પપ્પાની ભૂમિકા કે મૂલ્ય ઓછું નથી જ.

કેટલાક તાલીમાર્થીઓએ પોતાના મિત્રને પત્ર લખતા જણાવેલ કે, આપણે મિત્રો છીએ. મારા જીવન વિકાસમાં તારો ફાળો અગત્યનો છે. કોઇ મિત્ર એ ભૂતકાળમાં કરેલ મદદની યાદી આપી તેનો આભાર પણ માન્યો છે. સાથે ભૂતકાળના સંસ્મરણો ને યાદ કરીને મિત્રતા નહીં છોડવાની વાત કરે છે. કેટલાક તાલીમાર્થીઓએ ભૂતકાળનાં પોતાના શિક્ષકને યાદ કર્યા છે. તે શિક્ષકમાંથી તેઓ શું શિખ્યા? આજે પણ તે શિક્ષક કેમ યાદ આવે છે? તેમની કઇ બાબતો ખૂબ જ ગમતી હતી? વગેરેનું વર્ણન કરીને અહોભાવ વ્યક્ત કર્યો છે.

એક તાલીમાર્થીએ એના ગામમાં એક સેવાભાવી વ્યક્તિને પત્ર લખ્યો છે. પત્રમાં તેમની સેવાની કદર કરી છે, સાથે તેમની સેવાથી ગામને શું ફાયદો થયો છે તે પણ જણાવ્યું છે. આમ સેવાભાવી વ્યક્તિના કામની પ્રસંશા કરીને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો છે. એક તાલીમાર્થીએ તેના કાકાને પત્ર લખ્યો હતો. અત્યારે તેના કાકા સાથે તેમના સામાજિક સંબંધો બિલકુલ નથી. એકબીજા સામે વેરભાવના થઇ ગઇ છે. છતાં આ વિદ્યાર્થીએ તેના કાકાને પત્ર દ્વારા ભૂતકાળમાં તેમના સારા સંબંધોની યાદ અપાવી છે. સાથે તેના પોતાના વિકાસમાં કાકાનો ફાળો અનહદ છે તે કબૂલ કરતા આભાર પણ માન્યો છે. છેલ્લે એક પ્રશ્ન પણ પૂછ્યો છે કે, શું આ સંબંધો પહેલા જેવા સારા થઇ નાં શકે?

ઉપરોકત પત્રોમાં વિદ્યાર્થીઓએ નિબંધ નથી લખ્યો. પણ કોઇ ચોક્કસ વ્યક્તિ પ્રત્યે પોતાના વિચારો દર્શાવ્યા છે. આ વિચારો ભાગ્યે જ સીધી રીતે તે વ્યક્તિ સમક્ષ વ્યક્ત કર્યા હોય. આ યુવા તાલીમાર્થીઓએ પોતાની લાગણી વ્યક્ત કરીને અનેરો આનંદ લીધો હોય તેવું લાગ્યું. સાથે કેટલાક અંશે પોતાના જીવનમાં હળવા બન્યા હોય તેવું પણ લાગ્યું. અહી યુવાઓ કોને અને શા માટે આદર આપે છે તે પણ જાણવા મલ્યું. આ રીતે વિચારોની અભિવ્યક્તિ જે તે વ્યક્તિ સુધી પહોંચે તો તેનાથી બન્નેને રાજીપો મળે. આ રાજીપાની કક્ષા અને દિવ્યતા ખૂબ જ ઉંચી હોય છે. શાળા-કોલેજમાં આ રીતે પત્ર દ્વારા પોતાના વિચારોને વ્યક્ત કરવાની તક આપવી જોઇએ. સાથે તે વિચારોને જે તે વ્યક્તિ સુધી પહોંચાડવા પણ જોઇએ.



## "હાર્દિક અભિનંદન"
## ચી. આર્યન ધવલ મહેતા

ઉપલેટા નિવાસી અ.સૌ. હર્ષાબેન પ્રવિણચંદ્ર મગનલાલ મહેતા ના પૌત્ર ચિ.આર્યન ધવલભાઈ મહેતાએ ૨૦૨૪ માં લેવાયેલી ગુજરાત બોર્ડની ધોરણ ૧૨ સાયન્સમાં ૯૯.૭૫ પી આર સાથે ઉર્તીણ થયેલ છે, તેમજ ૨૦૨૪માં લેવાયેલી નીટની પરીક્ષામાં કુલ ૭૨૦ માર્કસ માંથી ૬૮૫ માર્ક્સ સ્કોર કર્યો છે. જેમાં ઓલ ઇન્ડિયા ઓપન મેરીટમાં ૨૫૮૭ મી રેન્ક તેમજ ગુજરાત રાજયમાં ૨૫૦ મી રેન્ક હાંસલ કરી છે. આર્યન તેમના પિતા ડો.ધવલ મહેતા. (એમ.એસ.) (ઇ.એન.ટી.) તેમજ માતા ડો.રશ્મિ મહેતા (એમ.ડી.) (ઓ.બી.એસ. એન્ડ ગાયનેક) ના પગલે ચાલતા જામનગરની વિખ્યાત શ્રી એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં ફર્સ્ટ એમ.બી.બી.એસ માં પ્રવેશ કર્યો છે.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ તરફથી ચી.આર્યન ને હાર્દિક અભિનંદન તેમજ આગળના અભ્યાસ ક્રમ માટે હાર્દિક શુભેચ્છા.

# અવસાન નોંધ :

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

■ દેરડી કુંભાજી હાલ રાજકોટ સ્વ. અમૃતલાલ કરશનજી શાહ ના પુત્ર અનંતરાય (ઉ.વ.૭૬) તા.૧૪/૦૨/૨૦૨૫ શુક્રવારના રોજ રાજકોટ મુકામે અરિહંત શરણ પામેલ છે.

■ પાટણવાવ નિવાસી હાલ સુરત સ્વ.પ્રાણલાલ પ્રેમચંદ દોશીના ધર્મપત્નિ ધર્મશીલા કંચનબેન તા.૧૭/૦૨/૨૦૨૫ સોમવાર સુરત મુકામે અરિહંત શરણ પામેલ છે.

■ ભાણવડ નિવાસી હાલ બોરીવલી કુમુદચંદ્ર શામજીભાઈ મહેતા તથા રંજનબેનના સુપુત્ર દિપેન (ઉ.વ.૪૬) તે છાયાબેનના પતિ તથા રોહન, વંશના પિતાશ્રી તથા રાકેશભાઈ, હિતેનભાઈ, હર્ષાબેન, અલ્કાબેન, આરતીબેન, બિનાબેનના ભાઈ, કૃપાબેનના દિયર, તથા આયુષી, હર્ષિલના કાકા તથા મહેન્દ્રભાઇ વિરચંદભાઈ મહેતા (જામ ખંભાળિયા વાળા) ના જમાઇ તા.૧૯/૦૨/૨૦૨૫ બુધવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

■ કોલકી નિવાસી હાલ કોલકત્તા લલીતભાઈ અમુલખ શાહ, તા.૨૧-૨-૨૦૨૫ શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

■ વથંલી સોરઠ નિવાસી હાલ ડોમ્બીવલી શાંતીલાલ મોતીચંદ વસા ના ધર્મપત્નિ કુસુમબેન (ઉ.વ.૮૧) તા.૨૬-૨-૨૦૨૫, બુધવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે પરેશભાઈ, સોનલ દિપક કુમાર પારેખ, રૂપલ કલ્પેશ કુમાર દોશી ના માતુશ્રી, તે ભૂમિકા અને યશ્વીના નાની તે પીયર પક્ષે ધોરાજી નિવાસી હાલ મુંબઈ સ્વ.જયાકુંવર મનસુખલાલ વોરા ના દીકરી.

## શ્રદ્ધાંજલી



જન્મ :
તા. ૧૨-૧૧-૧૯૨૯





અરિહંત શરણ
તા. ૨૩-૩-૨૦૨૨

# માતુશ્રી ગુલાબબેન છગનલાલ ભણસાલી

**એક ચહેરો અને વ્યક્તિત્વ જે દ્રષ્ટિમાંથી કયારેય વિસરાશે નહીં,**
**ગુલાબના ફૂલ જેવી મહેક બનીને મહેકયા કરો છો આપ અમ જીવનમાં**
**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...**



## છગનલાલ હીરાચંદ ભણસાલી પરિવાર



**પુત્ર-પુત્રવધુઃ હિતેષ - પ્રિતિ, રાજેશ - લલિતા**
**દીકરી-જમાઇ : હંસા - જયપ્રકાશ, હર્ષદા - કનક, કિરણ - મહેશ**
**કવિતા - મહેન્દ્ર, કલ્પના - નીતિન**
**પૌત્ર-પૌત્રીઃ કુનાલ - ઇશા, ક્રિયા - શ્રેય, ખુશ્બુ**
**પ્રપૌત્રીઃ આન્યા**

**INDUSTRIAL ASSOCIATES**
**RAJ IMPEX • C.H. BHANSALI & CO.**

**Contact Person :**
Rajeshbhai Bhansali (Mo.:9323491370) - Hiteshbhai Bhansali (Mo.: 9322511846)
Nitinbhai Shah (Mo.: 9820025620)
C-214, Antophill Warehousing Complex, Vidyalankar College Road,
Wadala (East), Mumbai - 400037.
Tel.: 7041543853 / 57 Mo.: 9702711846
Web.: www.associatedindustries.com • Email.: sales@associatedindustries.com



## માર્ચ માસના મુખપત્રના સૌજન્યદાતા
# શ્રીમતી ઇન્દુબેન શ્રીકાંતભાઇ વસા

શ્રીમતી ઇન્દુબેન શ્રીકાંતભાઇ વસાએ આપણા સમાજના મહિલા વર્ગને નેતૃત્વ પુરું પાડ્યું છે. તેઓએ અંધેરી, બાંદરા એસ.વી. જૈન સોશ્યલ સેન્ટરના લેડીઝ વીંગના ચેરપર્સન તરીકે યશસ્વી કામગીરી બજાવી હતી.

શ્રીકાંતભાઈ વસાની સફળતા પાછળ તેઓ એક મજબૂત પ્રેરક બળ રહ્યાં છે. તેમણે સામાજિક કાર્યો સાથે ગૃહિણી તરીકેની ફરજ ઉત્તમ રીતે નિભાવી છે અને પ્રસન્ન દામ્પત્યમાં મધુરતાની મહેંક ઉભી કરી હતી.

સંબંધોમાં સરળતા, મિલનસાર સ્વભાવ, મૈત્રીભાવ, દયા અને કરુણા આ બધા ગુણોએ તેમના વ્યક્તિત્વને નવો ઓપ આપ્યો છે. પારિવારીક શાંતિ, સદ્‌ભાવ અને સર્વને ઉપયોગી થવાની ભાવના હંમેશા તેમના દિલમાં વહેતી રહી છે અને તેમના પરિચયમાં આવતા સૌ કોઇની લોકપ્રિયતા હાંસલ કરી છે. પરિવારમાં શિક્ષણ, શિસ્ત અને સંસ્કારનું સિંચન કરીને એક સુખી જીવનનું અનેરું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. બંને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપીને તેમને જીવનમાં પોતાની રીતે સ્વમાનથી કઇ રીતે ઊભા રહેવું તેના સંસ્કાર આપ્યા છે. તેમની મોટી પુત્રી આર્કિટેક્ટ (ડાયમંડ જ્વેલરી) તથા નાની પુત્રી સી.એ.ફાઇનાનસીયલ કન્સલ્ટન્ટ છે અને તેમણે સફળ કારકિર્દી બનાવી છે.

ઇન્દુબેનને કોઇપણ જાતનું અભિમાન કે કીર્તિ પ્રસિદ્ધિનો મોહ નથી. જે કાંઇ કરવું તે ચુપચાપ કરવું અને તેનો સંતોષ માણવો એ તેમનો સ્વભાવ છે. તેઓ મહાવીર જૈન વિદ્યાલયના પેટ્રન અને હિતવર્ધક છે. ઇન્દુબેન ખૂબજ વ્યવહારકુશળ, પ્રેમાળ અને આનંદસભર વ્યક્તિત્વ ધરાવે છે. આદર્શ ગૃહિણી, સર્વગુણ સંપન્ન નારી, મમતાળુ માતા તરીકેની ભૂમિકા તેમણે સુપેરે નિભાવી છે.

સાવરકુંડલાથી મુંબઈ જેવા શહેરમાં આવીને પોતાની ડહાપણ, સમયસૂઝથી પરિવારમાં સમાઈ જઇને તેમણે સર્વેના દિલ જીતી લીધા હતાં અને પોતાની આંતરશક્તિ દ્વારા જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. જીવનમાં ભણતર કરતાં ગણતર વધુ મહત્ત્વનું છે અને જીવન એક મોટી પ્રયોગશાળા છે અને એમાં શીખતાં રહેવાનું છે એ તેમણે અનુભવથી સાબિત કર્યું છે.

તેઓ સંગીત, સાહિત્ય અને કલામાં ઊંડો રસ ધરાવે છે અને કલાગુર્જરી જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. જીવનમાં સુખ અને દુઃખનું સમાનભાવે સ્વાગત કર્યું છે અને બધાંમાથી પસાર થઇને તેમણે જીવનને ધ્યેયપૂર્ણ બનાવ્યું છે.

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH



## માર્ચ માસના મુખપત્રના સૌજન્યદાતા
## શ્રી શ્રીકાંતભાઈ (ભીખુભાઈ) સાકરચંદ વસા

આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખશ્રી તેમજ જૈન સમાજની અગ્રગણ્ય શિક્ષણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ માનદ્ મંત્રીશ્રી અને ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રીકાંત (ભીખુભાઈ) સાકરચંદ વસાના જીવનનો સંક્ષિપ્ત પરિચય અહીં આપેલ છે.

પ્રાથમિક શિક્ષા રાજકોટમાં તથા માધ્યમિક શિક્ષણ ધોરાજી ખાતે શ્રી દેવકરણ મૂળજી જૈન બોર્ડીંગમાં કરેલ. બોર્ડીંગના ડોનર ટ્રસ્ટી પણ છે. ત્યારબાદ મુંબઈ આવી કોલેજમાં અભ્યાસ કરી, મુંબઈ યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. જે સંસ્થામાં તેઓ વિદ્યાર્થી તરીકે ભણ્યા તે જ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ભૂતપૂર્વ ચેરમેન તથા માનદ્મંત્રી પદ શોભાવી ચૂક્યા છે. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે.

એડવોકેટ તરીકે ઇ.સ. ૧૯૬૫થી ટેક્ષ અને પ્રોપર્ટી કન્સલટન્ટ તરીકેના વ્યવસાયમાં સફળ થયા. ઇન્વેસ્ટમેન્ટ અને પ્રોપર્ટીમાં સક્રિય રસ લઇ ખૂબ સફળતા મેળવી. સાધારણ કુટુંબમાં જન્મ લઇ સંઘર્ષ કરી વકીલાતનો અભ્યાસ કર્યો અને આપબળે શૂન્યમાંથી સર્જન કર્યું. એમની માન્યતા છે કે માનવી પુરુષાર્થથી જીવનમાં સફળ થાય છે. જોકે પ્રારબ્ધ હોવું પણ જરૂરી છે. પરંતુ પ્રારબ્ધ માનવીના હાથમાં નથી અને પ્રારબ્ધ માટે ઇશ્વરમાં શ્રદ્ધા તથા પ્રાર્થના સિવાય કોઇ વિકલ્પ પણ નથી. નિષ્ઠાપૂર્વક કરેલાં પ્રયત્નો, ઉઠાવેલો પરિશ્રમ અને ખંતપૂર્વકની સારી સમજણથી વ્યક્તિત્વનો વિકાસ શક્ય છે. વ્યક્તિ સમય અને સંજોગો પ્રમાણે શાણપણથી વિચારે, યોગ્ય આયોજન (પ્લાનિંગ) કરે તો સફળતા સહજ છે. નૈતિક મૂલ્યોનો આધાર અને કેળવણી જીવનમાં સમૃદ્ધિ લાવે, રિધ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિને સુ-સ્વાસ્થ્ય પણ આપે છે. 'પહેલુ સુખ તે જાતે નર્યા' નો અમલ કરવા માટે સપ્રમાણ જીવન જીવવું જરૂરી છે. અંતિમ માર્ગી બનવા કરતાં મધ્યમ માર્ગી બનવામાં વિશેષ ડહાપણ છે. આર્થિક સ્વાવલંબન જીવનમાં જરૂરી છે.

ધનનો સદઉપયોગ થવો જરૂરી છે, પરંતુ માત્ર ધન જ બધું સુખ આપી શકતું નથી. વિવેકદૃષ્ટિ, પ્રમાણભાન, કોઠાસૂઝ અને સમયસરનો યોગ્ય નિર્માણ વગેરે સફળતામાં સહાય કરે છે. વ્યવહારુ અભિગમ કોઇ કોલેજ કે યુનિવર્સિટીમાં શીખવવામાં આવતા નથી. તેના માટે યોગ્ય વાંચન અને સંત-સમાગમ જરૂરી છે. શિસ્ત અને નિયમિતતાના તેઓ આગ્રહી છે.

તેઓશ્રી ઘણી સંસ્થાઓમાં સભ્ય છે. કંપનીઓમાં ડાયરેક્ટરનાં હોદ્દા સંભાળે છે. રોટરી જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના પણ તેઓશ્રી પ્રમુખ રહી ચૂક્યા છે.

સમાજોત્કર્ષના અભિગમમાં શ્રીકાંતભાઈ ઉત્તરોતર પ્રગતિ સાધતા રહે તથા ઇશ્વર તેમને દીર્ઘાયુષભર જીવન બક્ષે એવી સદ્ભાવના.

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR